

નૃત્ય-નાટ્યના કાર્યક્રમની પત્રિકા માટેનું ડિઝાઈન
કલાકાર : શ્યાવક્ષ ચાવડા
(શ્રીમતી શીરીન વજીફદારના સૌજન્યથી)


કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકો માટેનું અગ્રણી માસિક

તંત્રી · બચુભાઈ રાવત

જુલાઈ ૨૭૧ ૧૯૪૬



સર વૉલ્ટર રાલેનું બાળપણ — ચિત્રકાર : સર જૉન એવરેટ મિલે


ઇંગ્લેંડના રાજ્યનો અમેરિકામાં વસાહતી વિસ્તાર સ્થાપવાનું સ્વપ્નું જોનાર ને તેને અમલમાં મૂકવા મથનાર દીર્ઘદ્રષ્ટા રાજપુરુષ, સાહસસફરી અને લેખક સર વૉલ્ટર રાલે ઇલિઝાબેથના રાજ્ય-અમલની અગ્રણી વ્યક્તિ હતો; અને અમુક રાજકીય મતવિચારો તથા નીતિરીતિને કારણે, રાણીના એક કાળના પ્રીતિપાત્ર એ જમણા હાથને આકરી જેલ અને અંતે દેહાંતદંડ ભોગવવો પડ્યો છતાં, પોતાના જેલવાસમાં 'જગતનો ઈતિહાસ' લખનાર એ વિદ્વાન અને ચાણાક્યબુદ્ધિ રાજપુરુષ ઇંગ્લંડે ઉપજાવેલો એક પ્રતિભાવાન નર થઈ ગયો એમાં શંકા નથી. પ્રજાના એવા મેધાવિન સાહસવીરના બાળપણનું આલેખન કરતું આ કલ્પનાચિત્ર યોગ્યરીતે જ એ પ્રજાસમસ્તનું અતિ પ્રિય પ્રેરણાચિત્ર બની રહ્યું છે. જેમને પોતાના જીવનનિર્વાહ માટે સમુદ્ર ઉપર જ આધાર રાખવો પડે છે એ બ્રિટિશ પ્રજાના હૃદયને સ્પર્શ કરતો એનો વિષય રોમાંચકારી છે. બે ઊગતા કિશોરોને સાગરનાં સાહસોની કહાણીઓ કહેતા એમાંના નાવિકની, દરિયાખેડથી ખડતલ બનેલી ત્રાંબાવરણી કાયા, જાણે માનવીનાં સાહસ અને બહાદુરીનું પ્રતીક છે; અને એ કુતૂહલકથાઓને આતુર આંખે પી રહેલા કિશોરોની અનિમેષ નજરમાં મહત્ત્વાકાંક્ષાઓ મ્હોરતી લાગે છે. મૂળ ચિત્રની તીક્ષ્ણતા અને રંગભભક આ છાપમાં પૂરાં ઊતરી શકેલાં ન હોવા છતાં કુમારજીવનનું આ પ્રેરક ચિત્ર એના ઉદાત્ત પ્રેરક ભાવ, વાસ્તવદર્શી રંગાવટ, ને પ્રસંગને ઉચિત એવી વેગવાન નાટ્યોચિત આલેખનછટાથી પૂરતું આકર્ષક તો બની જ રહે છે. ટીંચણને હાથ વીંટાળી બેઠેલા વૉલ્ટર રાલે ને તેના સાથી કિશોરનાં પાત્રો કલાકારે પોતાના બે પુત્રો એવરેટ ને જ્યૉર્જને જ બેસાડીને ચીતરેલાં.







અમદાવાદની અશાન્તિને લીધે ઘણા ગ્રાહકો આ અંક નહિ મળવા વિષે અમને અનેક ગ્રાહકોના પત્રો મળ્યા છે. પણ ટપાલની હડતાલ દરમ્યાન ગેરવલે જવાનો સંભવ હોવાથી હડતાલ પૂરી થયા પછી જ અંકો રવાના કરવા સલામત માન્યું છે. આશા છે કે ગ્રાહકો આ વિલંબ નિભાવી લેશે.




ગ્રાહકોને

અમદાવાદની અશાન્તિ અને ટપાલની હડતાલને કારણે આ અંક અત્યંત મોડો પ્રકટ થાય છે, તે વાચકો દરગુજર કરશે. તે સિવાય 'કુમાર' દર માસની ૧૫મી તારીખે નિયમિત બહાર પડે છે. એટલે તે અરસામાં અંક ન મળે તો તરત એકાદ અઠવાડિયામાં તેની ફરિયાદ કરવી. બધા અંકો બે વખત ચેક કરીને ખૂબ તકેદારી-પૂર્વક પોસ્ટ કરવામાં આવે છે; છતાં અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે હમેશાં પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કાયદેસરનું કશું બંધન અમારે માથે રહેતું નથી તેની ગ્રાહકોએ કૃપા કરી નોંધ લેવી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત, મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂા. ૬; પરદેશમાં રૂા. ૭-૮-૦ અથવા ૧૨ શિલિંગ. છુટક નકલના દસ આના. પાછલા વર્ષના અંકો અપ્રાપ્ય છે. જે કાંઈ દુષ્પ્રાપ્ય અંકો મળે છે તે દરેકની કિં. ૧-૪-૦.

જાહેર ખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ કંપની. મહેતા બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, મુંબાઇ-૧; અમદાવાદમાં મૉડેલ ટૉકીઝ સામે, ગાંધીરોડ.



અમારામાંથી ડાળી ના મૂકી જમાનાઃ (૧) **પનોતાં પગલાં**–'તમે આવ્યા: શી તમારી નમ્રતા !' પાનું શી ખબર કે તમારી નજર પગ સાથે જ લાવ્યા હશો ! (૨) **બાહુપાશ**–અમે સમભાવથી ભેટ્યા, એટલે તમે અમારી પીઠમાં ઝેરની મુક્કી ભોંકી ભાગ્યા. (૩) **રક્ષણ**–અમારા હાથ દુબળા કરી અમારી તલવાર પડાવી લીધી; આલસ્યથી અમારા હાથપગમાં કળતર થવાનું બહાનું બનાવી અમારા હાથપગ બાંધી દીધા; ને રક્ષણને નામે અમારા પર ચઢી બેઠા ! (૪) **ફાચર** તમે કારમી કરામત કરી અમોને ભાઈ ભાઈને લડાવતા જ રહ્યા. તમારો સર્જેલો 'અલગ મતાધિકાર' બીજું શું છે ? (૫) **લૂંટ** અમારા ઉદ્યોગો, અમારું હીર-ચીર બધું જ લઈ લઈ અમોને દીનહીન ને કંગાળ બનાવી દીધા. (૬) **રખેવાળું!**–તમે આખા દેશને જ એક વિશાળ જેલમાં પલટાવી નાખ્યો ને આપણે ચાળીસ કરોડ માનવોને કેદી માની રખવાળા બની બેઠા. (૭) **ગોરાનો બોજ !**–અમે વારંવાર વિનતિ કરી કે અમારો કેડો મૂકો; અમારી પીઠ-થી તમારો ભાર ઉતારો. પણ તમે તો તમારા સામ્રાજ્યસ્વપ્નમાં જ મસ્ત છો. (૮) '**મતલબ એક જ**' આ હવે સિવાય, અમે ને અમારા પડોશીઓએ બહુ વેઠ્યું; હવે વેઠવા નથી માગતા. 'ક્વિટ ઇન્ડિયા', 'ક્વિટ એશિયા'

'**ભારતમાં અંગ્રેજી અમલ**' એ નામથી, જાણીતા કટાક્ષકલાકાર 'ચકોર' પોતાની વેધક કલમથી આલેખેલાં પર વ્યંગચિત્રોનાં સંગ્રહ તાજેતરમાં બહાર પડ્યાં છે (પ્ર૦ સંદેશ લિ. અમદાવાદ. કિ. ૩-૮-૦) જેના પ્રત્યેક ચિત્રમાં બ્રિટિશ અમલે હિંદની કરેલી હાલતનો ચિતાર આપતું એકએક તહોમતનામું પોકારેલું છે. અંગ્રેજો આવ્યા ત્યારથી 'હિંદ છોડો'ના પોકાર સુધીના ગાળા દરમ્યાનના એ અમલની અસરનો જે સિલસિલાબંધ ચિતાર એમાં આપ્યો છે તેમાંના તરી આવતા તહોમતોનાં આઠ ચિત્રો મૂળના લખાણ સાથે આ ઉપર આપ્યા છે.

કાગળ-પેન્સિલનો કીમિયો

કૉલેજ છોડ્યા પછી થોડા જ વખતમાં મને એક એવા માણસનો પરિચય થયો કે ખૂબ જુસ્સાદાર, આવેશમય ને સદા કામમાં ડૂબેલો ઉપરી હતો. ડઝનેક જેટલા ધંધા-ઓમાં તેનું વજન પડતું; નાણા જંજાળો તેને સદા વળગેલી જ રહેતી. છતાં તે એ સૌને 'કુછ બિસાતમાં' ન ગણતો.

પ્રાંતમાં આવેલી તેના હાથ નીચેની જુદીજુદી સંસ્થાઓ તેવા જવામાં મારી નોકરીનો થોડો વખત તેની સાથે આ-પવો પડતો. તેનામાં સ્ફૂર્તિ અને ઉત્સાહનો તો કોઈ પાર નહોતો; પણ તેનામાં ખાસ ધ્યાન ખેંચનારી બાબત હતી તે તો એ કે દિવસ આખો તે કાગળ અને પેન્સિલનો છૂટથી ઉપયોગ કર્યે રાખતો.

એ મોટરમાં બેઠા હોય ત્યાં પણ તેના ખોળામાં એક નોટબુક તો હોય જ; અને કોટના છાતી ઉપરના ગજવામાં પેન્સિલ હોય. અમે મોટર દોડાવતા જતા હોઈએ, વાતો ચાલતી હોય, એવામાં તે એકાએક કહે, 'જરા સબુર!' અને પછી તરત પેન્સિલ બહાર કાઢે અને પોતાના મનમાં જે કાંઈ તુક્કા આવ્યા હોય તે ટપકાવી લે.

એક વાર મેં તેને આમ નોંધો કર્યા કરવાની ટેવ બાબત ખુલાસો પૂછ્યો. એણે જે જવાબ આપ્યો તે હું કદિ ભૂલ્યો નથી.

તેણે કહ્યું. 'કોઈ પણ વિચાર આવે કે તરત તેની પૂંછડી પકડી નહિ લો તો ખલાસ! તે ફરી કદિ નહિ જ આવે. ગયા તે ગયા. ને ગમે તેવો કાચો હોય તો પણ નોંધી જ લેવો; અને તે પણ તરત જ. થોડા વખત બાદ તમારી આ નોંધો-માંથી નવ ભાગ કાઢી નાખી એક જ ભાગ સંઘરવા જેવો લાગશે. પણ તે તમને જરૂર લાભ આપશે. માટે જ્યારે પણ તમને કોઈ નવો તુક્કો, નવી માહિતી કે નવી શોધ સૂઝે કે તરત તેને કાગળ પર ટપકાવી લેવાનું ચૂકતા નહિ.'

એ પછી તો જીવનમાં મારે સેંકડો શેઠિયા, ધંધાદારીઓ ને વેપા-રીઓ જોડે કામ પડ્યું. તેમાંના કેટલાક બહુ ફાવેલા હતા, કેટલાક પાછા પડેલા હતા. પણ તેમાં મેં ખસૂસ જોયું છે કે જેઓ ધંધામાં ફાવી ગયા હતા તેઓ પેન્સિલ અને કાગળનો પૂરો ઉપયોગ કરતા જ રહ્યા હતા.

મારી પિછાનનો એક માણસ હતો. તે પોતાની યાદદાસ્તનો બહુ જ ફાંકો રાખતો, અને પોતાને તો કાંઈ નોંધ કરવાની જરૂર જ નથી એમ માનતો. પણ જ્યારે વખત આવે ત્યારે મોકાની વાત યાદ કરવા તેને ફાંફાં મારવા પડતાં અને કંઈનો કંઈ આંકો ઉતરી જતો; અને એ રીતે જે સમયમાં કાંઈક કામ થઈ શકે તેનો ખાલી વ્યય કરતો. એને બદલે તે લખી લેતો હોત તો?

પોતાના કામમાં ખપ લાગે તેવા બધીયે બાબતોનો ભંડાર ભરી રાખવા માટે જ માણસનું મન સર્જ્યું નથી. મગજનું કામ તો તેથી ઊંચી કોટિનું છે અવનવી ગોઠવણો કરવી, નિયમન કરવું, નિર્ણયો આપવા, નવીન યોજના કરવી, નવસર્જન કરવું, એ માણસના મનનું કામ છે.

સેંકડોની સંખ્યામાં નકામી બાબતોનો ભાર મગજમાં ભરી રાખવા કરતાં કાગળ અને પેન્સિલની મદદ વડે તેને ઉપયોગમાં લેવાનું વધુ સસ્તું અને સરળ છે. બધા માનસવિશારદોએ આ બાબતમાં ઘણા સંશોધન બાદ સંમતિ આપી છે. ('યૉર લાઈફ' માંથી) ર.

વિરામ?

• પૃથ્વી •

વિરામ?—સહુ અંગ અંગ અકડાઈ જેથી જતાં—?
નહીં! સમરવીર જાગ્રત સદૈવ ધૂંવાં મહીં
નિરંતર ધપ્યે જતા; કદિ પડાવ, તો સાધને
નવાં, કસી લિયે છ ભેટ, નવસિદ્ધિઓ આંબવા.

કસુંબલ બની રહ્યાં નયનનૂર અંગાર શાં:
જ્યહીં જીવન બદ્ધ, મુક્ત કરશું; જ્યહીં ઊનતા
ત્યહીં રચશું પૂર્ણતા પ્રકૃતિતત્ત્વ સાથે મળી.
અટંક જ્યહીં એક નિશ્ચય, વિરોધ ત્યાં શો ટકે?

અમે વ્રતકઠોરઃ સોણું લહ્યું વિશ્વમાંગલ્યનું.
મૂકી સહુની શાન્તિ કાજ નિજ શાન્તિને હોડમાં
અમે રમત માંડી આગ સહ, યજ્ઞ શા જુદ્ધમાં
કરી બલિ સમસ્તનો, ચહ્યું પીયૂષ વર્ષાવવા.

અમારી જયવાંછના જગત વ્યાપતી નિઃસીમ,
વિરામ લઈશું અમે અનલ-સેજમાં અંતિમ.

રાજેન્દ્ર શાહ

આવતી કાલનાં ગીત

આવતી કાલનાં ગીત અમારાં
ને આવતી કાલની પ્રીત.

નિરખી ના જેને કોઈ દી' આંખે,
પારખી ના કદી હૃદયે ઝાંખે.
તોય ઊડી ઊડી પાતળી પાંખે
ક્ષિતિજપારથી આવી અચાનક
આજ ભરી રહી ચિત્ત: આવતી०

આજને ઉંબરે ગાય જે ગાણાં,
આજ છે જેનાં આચ્છન્ન ટાણાં,
ગાઈ લેજો હો એમને, પણ આ
પ્રાણ સમાણાં સપનાનું મારે
આંખનું આછું સ્મિત: આવતી०

નવવસંતને પોંખણે જાગે
ઝાડવેલાને કૂંપળ લાગે
ફૂટવા, ફળવા ઋત સુહાગે
આવતાંને તેમ કારણે જીવન—
કાલ ધરે અગણિત:

આવતી કાલનાં ગીત અમારાં
ને આવતી કાલની પ્રીત.

મકરન્દ દવે

પ્રવાસ-મંજરી

એક વધુ સંસ્કારયાત્રાનાં સંસ્મરણો

[૪] ગુરુકુલ કાંગડી



લેખક રવિશંકર રાવળ

હરદ્વારથી માત્ર ત્રણ જ માઇલ ઉપર, કાંગડી ગામની પાસે મોટા વિસ્તારમાં આર્યસમાજના મહાન નેતા સ્વામીશ્રી શ્રદ્ધાનંદજીની તપસ્યાનું આ અમર ધામ વસેલું છે. જે વખતે હિંદમાં વિદ્યા, જ્ઞાન અને તપનો લોપ થઇ ગયો હતો, મંદિરો અને મઠોમાં પાખંડ, પ્રમાદ, હિંસા ને લાલચોથી ભોળી જનતાનાં દ્રવ્ય શીલ ને શક્તિનો દુર્વ્યય થઈ રહ્યો હતો તે સમયે સૌરાષ્ટ્રના એક નરવીરે બ્રહ્મચર્ય, જ્ઞાન અને વેદોક્ત વિધિઓનો સમુદ્ધાર કરનારૂં એક પ્રચંડ વાવાઝોડું ઉત્પન્ન કર્યું, અને એક મહાન સમુદાય એવો તૈયાર કર્યો કે જેમાંથી અડગ અને પ્રતિજ્ઞાબદ્ધ યુવાનો ને સન્નારીઓ તથા શ્રીમાનો ને સંન્યાસીઓનાં જૂથનાં જૂથે પ્રાચીન આર્ય પ્રજાની દીપ્તિ અને સર્વગ્રાહી આક્રમક શક્તિની આરાધના શરૂ કરી. એ મહર્ષિ દયાનંદજીના પ્રતાપ અને શક્તિએ કંઈક પંડિતો તથા ધર્મને વિકૃત કરી રહેલી સંસ્થાઓને ધ્રુજાવી. એમનાં વાક્યોમાં અમોઘ મંત્રશક્તિ હતી, એમના જ્ઞાનમાં પ્રચંડ દાહકતા હતી. સર્વ ધર્મના પાખંડો પર એમણે સખત પ્રહારો કરી તેમને નિર્બળ બનાવી નાખ્યા અને બ્રહ્મચર્ય તથા વિદ્યાભ્યાસનો પુનિત ધ્વજ ફરકતો કર્યો. સ્ત્રીઓને અને અધમો ગણાતાને તથા ધર્માંતર કરી ગએલાઓને તેમણે પુનઃ દ્વિજત્વ અને વિદ્યાના અધિકારી ઠરાવ્યા. પ્રાચીન ઋષિઓની પ્રણાલિ સજીવન કરવા તેમણે પ્રજાને ઉદ્‌બોધ કર્યો. તેમાંથી મહાત્મા મુન્શીરામજી (સ્વામીશ્રી શ્રદ્ધાનંદજી)એ એમનું બિરુદ પૂર્ણ કરવા હિમાલયની તળેટીના આ પ્રદેશમાં ગુરુકુળની સ્થાપના કરી અને પ્રાચીન પદ્ધતિ પ્રમાણે જ યજ્ઞદીક્ષા આપી અનેક બાળકોને બાર વર્ષના અખંડ બ્રહ્મચર્યની સાધના ને પંડિતો તથા જ્ઞાતાઓના સહવાસમાં રાખીને સંસ્કૃત, અંગ્રેજી તથા વિજ્ઞાનમાં પારંગત કર્યા. તેમના એ કાર્યને ઉત્તરોત્તર વિકાસ ને વૃદ્ધિ આપી આજની કક્ષાએ પહોંચાડનાર બીજી સમર્થ વ્યક્તિ તે આચાર્ય રામદેવજી. એ રીતે અહીં તૈયાર થએલા પંડિતજૂથે પુનઃ ભારતવર્ષમાં નવી સંસ્થાઓ જન્માવી આર્યસમાજ મંદિરો સ્થાપ્યાં અને ઠારોઠાર ધર્મના પાખંડો તથા જ્ઞાનની નિષ્ક્રિયતા પર સતત પ્રહારો કરી લોકમત જાગૃત કર્યો. આથી અન્ય સંપ્રદાયોને પણ વિદ્યાના પ્રચાર અને વિદ્વાનોના નિર્વાહ માટે નવી વ્યવસ્થા કરવાની ફરજ પડી, એટલું જ નહિ પણ યુરોપી કેળવણીથી વણસી ગએલા હિંદી યુવાનો માટે ભારતીય સંસ્કૃતિ, સંસ્કૃત ભાષા અને શારીરિક સ્વાસ્થ્યનો મંત્ર આ ગુરુકુલમાંથી મળ્યો.



સ્વામી દયાનંદ સરસ્વતી



સ્વામી શ્રદ્ધાનંદજી

વિદ્યાર્થીઓનાં ચારિત્ર્ય, તપ કે વિદ્યાભ્યાસમાં બ્રહ્મચર્ય કેટલું મહત્ત્વ ધરાવે છે તે ફરીવાર ભારત સમજ્યું અને ગુરુકુલને આદર્શ તરીકે રાખી દરેક પ્રાંતમાં નવી સંસ્થાઓ જન્મી. રૂઢિચુસ્ત હિંદુઓએ ઋષિકુળ નામની સંસ્થા કરી, બંગાળમાં શાન્તિનિકેતન અને બીજી નાનીમોટી સંસ્થાઓ થઇ, ગુજરાતમાં નર્મદાકિનારે કેટલીક વિદ્યાર્થી સંસ્થાઓ થઇ; ભાવનગરનું દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન પણ આ ગુરુકુલના મહિમાનું જ ફળ હતું.


એક સમર્થ રાષ્ટ્રવિધાયક શું કરી શકે છે તે સમજવાને પ્રત્યેક ભારતવાસીએ કાંગડીનું ગુરુકુળ જોતું જ જોઇએ. મને પણ તે નજરે જોયા વિના કદિ તેનો ખરો ખ્યાલ ન આવી શકત. કાંગડી ગુરુકુલમાં બાર વર્ષનું વિદ્યાતપનું સત્ર પૂર્ણ કરી વિદ્યાલંકારની ઉપાધિ પામેલા મારા મિત્ર શ્રી શંકરદેવ મને અનેક વાર ત્યાં આવવા નિમંત્રણ આપતા, પણ ત્યાં જવાનો યોગ કદિ મળતો ન હતો. આ વખતે કૃતસંકલ્પ બની હું ત્યાં પહોંચ્યો.

પ્રથમ દર્શન

કાંગડી ગામ થોડે દૂર રહે છે ત્યાં રસ્તા પર જ એક બાજુ મોટા અક્ષરે 'ગુરુકુલ કાંગડી' લખેલું કમાનદાર પાટિયું નજરે પડે છે. ત્યાંથી જ અંદર જવાનો માર્ગ છે અને ત્યાંથી જ એ વિશાળ સંસ્થાની હદ શરૂ થાય છે. લગભગ અરધા માઇલ સુધી એ રસ્તો કૉંક્રીટથી બાંધેલો છે. તેની બંને બાજુ આંબા અને હિમાલયની મોંઘી વનસ્પતિ તથા તેનાં વૃક્ષોની છાયા છે, અને પછીના વિસ્તારમાં ખેતરો છે. જરા દૂર ગંગાની એક મોટી નહેર આશ્રમની એક હદ રચતી ચાલી જાય છે. થોડે દૂર જતાં જ એક ભવ્ય દરવાજો આવે છે, જેની ઉપર તેમ જ બંને બાજુ અતિથિગૃહ છે, જ્યાં એક અધિકારી નવા આગંતુકની પૃચ્છા કરે છે. ગુરુકુલના જ કોઇ નિવાસીનો પરિચય તેને ન હોય તો આ સ્થળે તેને માટે વિશ્રાન્તિ અને નિવાસની વ્યવસ્થા કરી આપવામાં આવે છે. શ્રી શંકરદેવજીનું નામ લેતાં જ તેણે અમારા ટાંગાવાળાને બારોબાર રસ્તો બતાવી દીધો, જ્યાં બધા અધ્યાપકોનો નિવાસ હતો.

એક નાના ગામ જેટલો વિસ્તાર આ ગુરુકુલ માટે રોકવામાં આવ્યો છે, ને તેમાં ઠીકઠીક અંતરે ભવ્ય વિદ્યામંદિર, આયુર્વેદિક કૉલેજ, છાત્રાલય, સભાગૃહ વગેરેનાં આર્ય સ્વરૂપમાં બંધાએલાં મકાનો, હરદ્વાર કરતાં પણ વધારે શુદ્ધિ ને શુચિતાનાં પ્રતીક બની ઊભાં છે.

અમે અધ્યાપકનિવાસમાં પહોંચ્યા ત્યાં એક મોટા ચોખંડ વિસ્તારમાં ચોમેર એક ઘાટનાં પત્થરનાં મકાનો હતાં વચ્ચે એક વિશાળ વડલાએ છત્રમંડપ બનાવી દીધો હતો અને તેની નીચે શિક્ષકોનાં બાળકો ખેલી રહ્યાં હતાં. શંકરદેવજીનું ઘર પૂછતાં જ એક જણે બતાવ્યું અને અવાજ દેતાં તેમનાં શ્રીમતીજીએ દ્વાર ઉઘાડ્યું. સુડોળ, સુબદ્ધ, પ્રસન્ન સ્વાસ્થ્યયુક્ત એ ગૃહદેવીએ અમને સ્વાગતવચન કહ્યું. અમને તેમનો પૂર્વપરિચય ન હતો, પરંતુ શંકરદેવજીએ તેમને અમારા સંબંધે સર્વ કહી રાખ્યું હશે એમ લાગ્યું. તેમણે હિંદીમાં જણાવ્યું કે 'તેઓ (શંકરદેવજી) આપની પ્રતીક્ષા કરી રહ્યા છે ને ગઈ કાલે જ ગુજરાતી



ગુરુકુલ-કાંગડીની આર્ટ્સ કોલેજ તથા ગ્રંથાલયનું મકાન


ધર્મશાળામાં બંદોબસ્ત કરી આવ્યા છે. પુનઃ સમાચારના પત્રની જ રાહ જોતા હતા. હવે બેસો, હું તેમને ખબર આપું છું.'

સુંદર નાના ખંડોવાળા એ ઘરમાં પૂરી સગવડો હતી. પાછળ નાનો વાડો, ઓશરી, રસોડું, કોઠાર અને સ્નાનગૃહ હતાં. પાણીના નળ તથા વીજળીનો સંસ્થા તરફથી પ્રબંધ હતો. આખી સંસ્થા માટે અનાજ અને અન્ય ખાદ્ય પદાર્થોની દુકાન પણ નજીકમાં જ હતી.

શંકરદેવજીને આવતાં વાર થઈ એટલામાં તો તેમણે અમારા માટે ઉપાહાર તથા ચા-દૂધનો પ્રબંધ કરી નાખ્યો. શ્રી શંકરદેવજી આપણા ગુજરાતના જ બીલીમોરા પાસેના મલવાડા ગામના વતની છે, અને તેમનાં પત્ની પંજાબના જલંધર કન્યાવિદ્યાલયનાં સ્નાતિકા છે. તેમનો જન્મ અને ઉછેર બ્રહ્મદેશમાં થએલાં, પણ ઉત્તમ શિક્ષણ અને તાલીમથી ઘડાએલાં આ દંપતીને જોઈ આપણને એમજ થઇ આવે કે સારાયે ભારતવર્ષની તરુણ પેઢીને આવી શરીરસંપત્તિ અને જીવનસ્ફૂર્તિ આપી સંલગ્ન કરનાર આવી વિદ્યાસંસ્થાઓ અનેકશઃ વિસ્તાર પામો. સંસ્થાએ તેમને પ્રમાણપત્ર આપ્યાં હશે, પણ હવે તો તેઓ પોતાના જીવનથી સંસ્થાને પ્રમાણપત્ર આપી રહ્યાં છે.

ગુરુકુલ વિદ્યાલય

અમારી પાસે સમય થોડો હતો. બીજી તરફ સત્ર પૂરું થયું હતું, એટલે વિદ્યાર્થીઓ રજામાં ઘેર જવા માંડ્યા હતા. છતાં અમે ત્વરાથી બધું નિરીક્ષણ કરવા નીકળ્યા. સંસ્થાનું સભાગૃહ એક ભાવનાનું જ સ્વરૂપ છે. બધે ય વચમાં એક વેદીની વ્યવસ્થા ખરી જ. ભીંતો પર પ્રાચીન ઋષિઓનાં ચિત્રો અને આદર્શ વાક્યમાળાઓ નજરે ચડે. પણ એ બધાં કરતાં યે, તમે ગમે ત્યાંથી બહાર નજર કરો એટલે ગંગાજીનાં અને બીજા જલપ્રવાહોનાં, સુંદર ગિરિમાલાનાં કે દૂર વિસ્તરતા અરણ્યનાં સુંદર દશ્યો નજરે પડે. નિસર્ગની આ પ્રાણદાયક અસર તળે વિદ્યાર્થીના અભ્યાસ અને ચિંતનને કેટલી પુષ્ટિ અને વેગ મળતાં હશે! સંસ્થાએ પણ અહીંની હવાનો પૂરો લાભ લેવા સુંદર બગીચા અને ફળઝાડોનાં વાવેતર કરેલાં છે. આપણી વેંત ભરી દે તેવા ત્યાં ઊગેલા ગુલાબગોટાઓ એ ભૂમિના દૈવતનો પ્રચાર કરતા હતા. વિદ્યાર્થીગૃહમાંથી નીકળતા વિદ્યાર્થીઓના દેહ પર નજર કરતાં કોઈ દૂબળો કે ક્ષીણકાય જણાયો નહિ. શંકરદેવજીએ કહ્યું કે આમાંનો એકેએક જણ ગંગાના વેગવત જલપ્રવાહમાં આસાનીથી તરી શકે છે. ગંગાજળનું



સંખ્યાબંધ વિદ્યાર્થીઓને સમાવતા વિશાળ છાત્રાલયનો એક ભાગ



શ્રી શંકરદેવ વિદ્યાલંકાર

પાન અને સ્નાન માણસને વજ્રકાય બનાવી દે છે એમાં શંકા નથી.

વિસ્તાર, વ્યવસ્થા ને યોજનામાં દૃષ્ટાંત રૂપ આ સંસ્થાની પાછળ કેટલો ખર્ચ, કેટલી ચીવટ અને કેટલું ચિંતન હશે તેનો ખ્યાલ કરવો મુશ્કેલ છે. છતાં વર્ષોથી તે અખંડિતચાલુ રહેલી છે. અહીંનું આયુર્વેદ વિદ્યાલય તેના ઔષધિ સંગ્રહ માટે સુવિખ્યાત છે. અહીંનું સંશોધનકાર્ય પણ વખણાયું છે. અહીં અનેક વિદ્વાનો ને પંડિતોનો વાસ છે ને દેશદેશાંતરના અતિથિઓ અહીં આવે જાય છે. અહીં સમૃદ્ધ પુસ્તકાલય ને પ્રાચીન ગ્રંથસંગ્રહ છે. માત્ર જેને જોતાં જ બે કલાક થયા એવા આ સંસ્કૃતિધામને અમે હિમાલયની ખરી યાત્રા માની લીધી અને તેનો વિશેષ પરિચય સાધવા પુનરાગમનનો સંકલ્પ કરી, પાછા હરદ્વાર આવી ગયા.

હરદ્વારનો એક મેળાવડો

હરદ્વારથી હૃષિકેશ જવા માટે સતત ભાડૂતી મોટરો દોડે છે. આ વેળા હૃષિકેશમાં ગુજરાતના જાણીતા વૈદ્ય વલ્લભરામભાઈ તેમના વનસ્પતિસંશોધનના કાર્ય માટે આવ્યા હતા, એટલે તેમને મળવાનો મેં સંકેત કર્યો હતો. પરંતુ તેમને લખેલો મારો પત્ર પણ મોડો પડેલો. છતાં દૈવયોગ અનુકૂળ થતા આવ્યા હતા.

કાંગડીથી સાંજે આવીને થાકને વિશ્રાંતિ લેતો હતો એટલામાં સામેના ખાલી મેદાનમાં ઊભા કરેલા શમિયાનામાં બૅન્ડ વાજાં વાગતાં સાભળ્યાં, અને માણસોની અવરજવર વધતી જોઈ. લાગ્યું કે ત્યાં કોઈ સમારંભ છે. કુટુંબનાં માણસો કુતૂહલ ખાતર જોઇ આવ્યાં અને કહ્યું કે શહેરના ગૃહસ્થો, યુવતીઓ, સાધુસંન્યાસીઓ વગેરે ત્યાં ભેગા થયા છે અને કોઇની રાહ જોવાય છે. મને પણ ત્યાંનો સમાજ જોવાની સહજ ઇચ્છા થઇ. એટલે ઉતારો સાચવવાનું તેમને સોંપી ત્યાં પહોંચ્યો. પહોંચતાંવેંત પ્રથમ જ વલ્લભરામભાઈ મળ્યા! 'તમે ક્યાંથી?'... તમને શોધવાને જ' એમ સવાલજવાબ થઇ ગયા, અને હૃષિકેશના પથદર્શક આમ અચાનક જ સાંપડી ગયા એટલે નિરાંત અનુભવી. તેમણે ખુલાસો કર્યો કે આજે હરદ્વારમાં ગોસ્વામી ગણેશદત્તજીએ શેઠ જુગલકિશોર બિરલાજીની સહાયથી એક ગીતાભવનની સ્થાપના કરવા સમારંભ કર્યો છે તેમાં તેમને તથા શાંતિભવનના તેમના મિત્ર પૂ. બ્રહ્મજી સ્વામીને આગ્રહપૂર્વક તેડાવ્યા હતા. ગોસ્વામી ગણેશદત્તજી ગુજરાતમાં અનેક વાર આવે છે અને ઉત્તરાપથની યાત્રા તથા ત્યાંનાં ચમત્કારિક સ્થાનો વિષે અનેકને આકર્ષણ કર્યું છે. તેમણે આ પ્રમાણે ઘણી રકમો મેળવી, જૂની રીતે ધાર્મિક સંસ્થાઓ ઊભી કરી છે. આ મેળાવડામાં તેમણે મંચ ઉપર ત્રણ પટછંદ ખાખી સાધુઓ ઊભા રાખેલા અને હિંદુ ધર્મ ઉપર એક પંડિત હારમોનિયમ સાથે માઈક આગળ બુલંદ સ્વરે ગીતા ગાઈ રહ્યા હતા. તે દેખાવમાં મને આ પ્રસંગનું નાટકીપણું લાગ્યું. અમે આગલી હારમાં થોડી વાર બેઠા, પણ મનને આકર્ષે એવું કંઈ સાંભળવા કે જોવાનું ન મળ્યું એટલે જલદી ઊભા થઇ ગયા. એવામાં કાંગડીથી શંકરદેવજી પણ આવી પહોંચ્યા. તેમનો અને વલ્લભરામભાઈનો પરિચય કરાવ્યો. 'હવે રવિભાઇને હૃષિકેશનો યોગ્ય સાથ મળી ગયો છે' એમ સંતોષ લઈ સાંજે તે વિદાય થયા અને અમે વલ્લભરામભાઈ સાથે હૃષિકેશ જવાનું ઠરાવ્યું. (ચાલુ)

સર જૉન એવરેટ મિલે.

લંડનના કલાગુરુ હેન્રી સાસની વિખ્યાત ઍકેડેમી સ્કૂલ—કલાવિદ્યાપીઠ—ના પારિતોષિકપ્રદાનનો સમારંભ હતો. ડયૂક ઑવ સસેક્સ પ્રમુખસ્થાને હતા. જુદાંજુદાં નાનાંમોટાં ઈનામો અપાઈ રહ્યા પછી છેલ્લે એ વર્ષની ઉત્તમ કૃતિ માટેના રૂપાના ચન્દ્રકદાનનો વારો આવ્યો. પ્રિન્સિપાલે નામ પોકાર્યું: 'મિસ્ટર મિલે!' અને ઉત્તરમાં દસ અગિયાર વર્ષનો એક નાનો બાળક આગળ આવ્યો! આ શો ગોટાળો થયો છે એવા પ્રશ્નાર્થ કતૂહલથી ડયૂકે પ્રિન્સિપાલ સામે જોયું. પ્રિન્સિપાલે ખુલાસો કર્યો કે એ નાનકડો કિશોર જ 'મિસ્ટર મિલે' છે. આ વર્ષની ઉત્તમ કૃતિ માટેનો રૌપ્ય ચન્દ્રક એ પ્રતિભાવાન બાળક જીતી ગયો છે. અને ડયૂકે એ નાના છોકરાને અભિનંદનોથી વધાવી લીધો!

ઓગણીસમી સદીના ઈંગ્લંડના મહાન ચિત્રકારોમાં આંક મૂકી જનાર અને ત્યાંની શાહી કલાપીઠ (રૉયલ ઍકેડેમી)ના પ્રમુખપદે પહોંચનાર સર જૉન એવરેટ મિલે નાનપણથી જ પ્રોડીજી (જન્મજાત અદ્ભુત શક્તિઓ ધરાવતો આશાસ્પદ બાળક) હતો. એ છ વર્ષનો હતો ત્યારથી એની કલાપ્રતિભાની પ્રતીતિ એણે કરાવવા માંડી હતી. ઇ. ૧૮૨૯ના જૂનની ૮મી તારીખે સાઉધૅમ્પ્ટન ખાતે એનો જન્મ થયો હતો. એના પિતા મૂળ જર્સી ટાપુમાં લશ્કરી અમલદાર હતા. ૧૮૩૫માં ફ્રાન્સમાં બ્રિટાની પરગણામાં દીનાન મુકામે એમની બદલી થતાં કુટુંબ ત્યાં રહેવા ગયું. ત્યાં છ વરસનો એ કિશોર પડોશના ફ્રેન્ચ અમલદારોના અને બૅન્ડસ્ટૅન્ડ આગળ જમા થતા લોકોના સ્કેચ દોરતો. એ એટલા તો આબેહૂબ દોરાતા કે લોકોમાં આશ્ચર્ય ને આદર ઉત્પન્ન થતાં.

પોતાના આશાસ્પદ બાળકની ઊગતી શક્તિઓ કાંઈક નિશ્ચિત ભાવિ રૂપ પકડે એ ઈરાદાથી ઈ. ૧૮૩૭માં જર્સી થઇને બીજે વર્ષે



સર જૉન એવરેટ મિલે.

પુરોગામી યુગની આડંબરી ઘરેડમાંથી ઈંગ્લંડની કળાને મુક્ત કરીને તેમાં નવો પ્રાણ પૂરનાર

પ્રી-રાફેલાઈટ બ્રધરહૂડ અને જૉન મિલેનું જીવનકાર્ય

લેખક : શ્રી રવિશંકર રાવળ



સર જૉન મિલે   દાન્તે ગ્રૅબ્રીઅલ રૉઝેટી   ફૉર્ડ મૅડાક્સ બ્રાઉન   હૉલમન હન્ટ   જૉન રસ્કિન

ઓગણીસમી સદીના છેલ્લા ચરણના ઇંગ્લંડના પ્રતિભાવાન ને સમર્થ ચિત્રકાર, અને એ દેશની કલાભાવનામાં જબ્બર પલટો લાવી નવો પ્રાણ રેડનાર 'પ્રી-રાફેલાઇટ બ્રધરહૂડ' નામક સંઘના એક અગ્રણી સભ્ય સર જૉન એવરેટ મિલેનું જીવનકાર્ય સમજવાને એ કાળની ઇંગ્લંડની કળાનો ઈતિહાસ સમજવાની જરૂર છે.

અઢારમા સૈકામાં ઇંગ્લંડના ચિત્રકારો રોમની કળાને, તથા લીઓનાર્દો દ વિંચી, માઈકલ ઍન્જેલો અને રાફેલ જેવા કલાકારોને આદર્શ રાખીને ચિત્રો સરજતા હતા. તેમની કૃતિઓમાં મુખ્યત્વે ધાર્મિક પ્રસંગો અને સંકેતોને સ્થાન મળતું, અથવા પ્રસિદ્ધ વ્યક્તિઓની તસ્વીરો આલેખાતી. પરંતુ એ બધી કળાની શ્રેષ્ઠતાનો તોલ, તે ઇટલીની પરંપરા કેટલે અંશે સાચવે છે તેના પર જ અંકાતો. આથી ઇંગ્લંડમાં ઠારોઠાર એક જ પ્રકારની શૈલીનાં ચિત્રો જોવામાં આવતાં. ઇટલીનાં ચિત્રોમાં કથ્થાઇ રંગ વધારે નજરે પડતો, એટલે આ ચિતારાઓ કથ્થાઈનો પટ આપીને જ ચિત્રો શરૂ કરતા, અને ચિત્રોની અભિનવતા કે આંતરિક ચિંતનશક્તિ ન જોવાતાં, તે કેટલી ઝીણવટથી કર્યાં છે, ધર્મનાં ચિહ્નો બરોબર સચવાયાં છે કે નહિ, જૂનાં ખોખાં અને આકારો બરોબર છે કે નહિ એ બાબતો પર લક્ષ અપાતું આમ, પુરોગામી ઉસ્તાદોનું અંધ અનુકરણ કરતાં કલામાં છીછરાપણું ને ભાવહીનતા આવી ગયાં હતાં. એ ઘરેડમાંથી છૂટવા ઇંગ્લંડના દૃશ્ય-ચિત્રકારોએ સબળ પ્રયત્ન કર્યો હતો. કલાકાર ગેઇન્સબરોનું કામ એ રીતે 'પાયોનીઅર'–મોરચો માંડનાર અગ્રેસરનું થયું હતું, ને તેની પછીના કલાકારો સ્વભૂમિનું સૌન્દર્ય તેના વાસ્તવિક રૂપમાં રજૂ કરી દેશની રસસમૃદ્ધિનું પ્રજાને ભાન કરાવી ચૂક્યા હતા.

એ કલાકારો પૈકીના એક, જૉન સેલ કૉટમૅનના કલાવર્ગમાં, ઈટલીના એક બહિષ્કૃત કવિ અને દેશભક્તનો પરદેશી રૂપવાળો પુત્ર અભ્યાસ કરતો હતો. તેનું નામ દાન્તે ગૅબ્રિયલ રૉઝેટી. પાછળથી તેણે, મિલેએ તથા હૉલમન હન્ટે મળીને 'પ્રી-રાફેલાઈટ બ્રધરહૂડ' (ઇટાલીના કલાકાર રાફેલના પુરોગામી યુગનું કલાજૂથ) નામનું જે મંડળ યોજ્યું એ વિચારનો ઉગમ સૌ પહેલો રૉઝેટીને થયો હતો. તેની કલ્પના, જુસ્સો અને વાક્શક્તિ મંડળની ખરી મૂડી હતી; પરંતુ ક્રિયાકૌશલમાં તે ત્રણેમાં પાછળ હતો. મિલેમાં વિચારનાવીન્યની અછત હતી, પણ તેની દૃષ્ટિ ને હસ્તકૌશલ ચમત્કારિક હતાં. જાણે જન્મથી જ ચિત્ર દોરવાની શક્તિ મળી હોય એવો તેનો વેગ હતો અને તેને કશું જ મુશ્કેલ ન લાગતું. હૉલમન હન્ટમાં મિલેનું લાઘવ કે રૉઝેટીનો આવેગ પણ ન હતાં, છતાં તેનામાં મહાન ગંભીર લક્ષ્ય ને તેને યોગ્ય નિશ્ચયાત્મક સાધનાની શક્તિ હતી, અને એના બળે તેણે એ મહાન સાધ્ય પાર પણ પાડ્યું.

વળી હૉલમન હન્ટને ઘરનો પણ ટેકો ન હતો. એક મિલકતખાતામાં તે નોકર હતો. ત્યાંથી મૅનેજરની મહેરબાનીથી ખાનગી વખતમાં તે કલા શીખતો. એવામાં મિલે સાથે તેને દોસ્તી થઈ. ત્યારે તેની પાસે પૈસાના પણ સાંસા હતા. જ્યારે મિલે ગર્ભશ્રીમંતનો નબીરો હતો. માતાપિતા અને ગુરુનું તેને ખૂબ પ્રોત્સાહન હતું ને બુદ્ધિનો અજબ વારસો હતો. રૉઝેટી કલાશાળામાં બેઠો હતો ખરો, પણ એના કવિતરંગોમાં કલાકાર તરીકેનું ઘડતરકામ એને અણગમતું થઇ પડતું. (આગળના પાના પર ચાલુ)

૧૮૩૮માં એ કુટુંબ લંડન રહેવા ગયું. અને ત્યાં એનાં માબાપ એને તે સમયના રૉયલ ઍકેડેમીના પ્રમુખ સર માર્ટિન શી પાસે લઇ ગયાં. છોકરાની ઉમર જોતાં તો સર માર્ટિન હસી પડ્યો, પણ એ છોકરાએ દોરેલા સ્કેચો જોયા એટલે એનો અભિપ્રાય બદલાયો. એવામાં નાના છોકરાએ કહ્યું કે 'આપનાં આ ચિત્રોમાંથી કહો તે ચિત્રની પેન્સિલથી નકલ કરી આપું!' આશ્ચર્યચકિત થતાં સર માર્ટિને એક ચિત્ર બતાવ્યું. મિલેએ તરત નકલ કરી આપી. એ જોઇને શીએ બાળક ચિત્રકારનો વાંસો થાબડતાં તેનાં માબાપને કહ્યું, તમે કોઈ પણ જાતની ચિંતા કરશો નહિ. તમારો પુત્ર મોટો થતા મારૂં સ્થાન લેશે.' અને આ ભવિષ્યવાણી સાચી પણ પડી.

નાના મિલેને પહેલાં તો બ્લૂમ્સબરી ખાતેની હેન્રી સાસની ચિત્રશાળામાં મૂક્યો. અહીં એણે એક જ વર્ષમાં ઉત્તમ કૃતિ માટે રૂપાનો ચન્દ્રક મેળવ્યો, જેની પ્રસંગકથા આ લેખની શરૂઆતમાં આવી ગઈ. બે વર્ષ ત્યાં રહીને મિલે રૉયલ ઍકેડેમીમાં દાખલ થયો. તે વેળા તે માત્ર અગિયાર વર્ષનો હતો. છતાં જે છ વર્ષ એ ત્યાં રહ્યો એ છ વર્ષમાં એવું એક પણ ઇનામ ત્યાં નહોતું જે એણે નહિ મેળવ્યું હોય! ત્યાં પંદરમે વર્ષે તો તેણે મોટાં ભાવચિત્રો આલેખવા માંડેલાં અને ૧૮૪૬ના ઍકેડેમી પ્રદર્શનમાં તેણે મૂકેલો કૅન્વાસ એક ફ્રેન્ચ વિવેચકે તે વર્ષના શ્રેષ્ઠ ઐતિહાસિક ચિત્ર તરીકે નવાજેલો.

આ પ્રમાણે કીર્તિ અને લોકપ્રિયતાના માર્ગે એ વિજયપ્રસ્થાન કરતો હતો. ભવિષ્ય ઉજ્જવલ હતું તે જમાનાના સૌથી વધુ લોકપ્રિય ચિત્રકાર થવામાં એને કોઈ પણ પ્રકારનું વિઘ્ન દૃષ્ટિગોચર થતું

એવામાં, ઇ. ૧૮૨૧માં ફૉર્ડ મૅડૉક્સ બ્રાઉન નામનો એક તરુણ કલાકાર યુરોપમાં બધાં કલાકેન્દ્રો અને નવી શૈલીઓનો અનુભવ લઇને ઇંગ્લંડ આવ્યો. એ વખતે કેટલાક કલાકારોએ રાફેલની પૂર્વેના કલાકારોની કૃતિઓનો અભ્યાસ કરી એવું ઠરાવ્યું હતું કે જે ઊર્મિ અને દર્શન એ કલાકારોએ સીધેસીધાં જીવન અને નિસર્ગમાંથી મેળવ્યાં હતાં તેની ઉપર જ મરામત અને સુધારા કરીકરીને એ પછીના કલાકારોએ પેઢીઓ નિભાવ્યે રાખી છે, પણ નવા ચીલા કોઇએ શોધ્યા નથી. મૅડૉક્સ બ્રાઉને પણ તે ઉપરથી સ્વયંસૂચિત ચિત્રો કરવાનો સંકલ્પ કર્યો હતો. ઇંગ્લંડમાં તેને સૌ પ્રથમ રૉઝેટીનો મેળાપ થયો, અને પછી તો તેના બીજા મિત્રો પણ તેના કલાગૃહમાં આવી મળતા. તેઓ કલાના આદર્શોની ચર્ચા કરતા, અને તેમાંથી પોતાની નવી ભાવના પ્રમાણે મૌલિક ચિત્રો કરવાને તેમણે એક 'બ્રધરહુડ' (ભ્રાતૃમંડળ) રચ્યું તેમને 'પ્રી-રાફેલાઈટ'નું નામ, ખરી રીતે તો, બીજાઓએ આપેલું. તેમનો ઉદ્દેશ તો ચિત્રની આકૃતિઓ પૂર્ણ નિષ્ઠાપૂર્વક નિસર્ગમાંથી જ લેવાનો અને ભાવ તથા પ્રસંગનિરૂપણમાં અસલ ઈટાલિયન કલાકારોની સ્વયંપ્રતીતિ તથા સ્વાનુભવનું ધોરણ પ્રાપ્ત કરવાનો જ હતો. રૉઝેટી તેમાં ગહન કાવ્યભાવોને પણ સામેલ કરતો. ચિત્રના આલેખનમાં અને વિચારદર્શનમાં સંપૂર્ણ સચ્ચાઈ એ તેમનો મુદ્રાલેખ હતો.

આ કલાકાર જૂથે આડંબરી ધર્મચિત્રો અને વિલાસી ભવનચિત્રોથી ત્રાસીને ક્રાંતિ પોકારી. તેમણે સાફ સાફ કહ્યું કે કલાનું ધ્યેય પ્રધાનપણે કલ્યાણપ્રદ હોવું જોઇએ અને કલાનાં પાત્રોની પસંદગીમાં નિસર્ગનો સંપૂર્ણ સાથ હોવો જોઇએ. એક વખત નક્કી કરો કે અમુક પાત્ર અમુક ચહેરાવાળું અને પરિધાનવાળું હોવું જોઇએ, પછી તેનું પ્રત્યેક સ્વરૂપ અને વિગત, પ્રત્યક્ષ ઉપરથી જ, પૂરી ચીવટ અને સચ્ચાઇથી ચીતરાવાં જોઇએ.

શરૂશરૂમાં તો એ કલાકારોનાં ચિત્રો પર પ્રજાનો ખૂબ રોષ ભભૂકી ઊઠ્યો. કેટલાક તો 'પ્રી-રાફેલાઇટ'નો અર્થ જ સમજતા નહિ અને કહેતા કે રાફેલ કરતાં યે પોતાને ચડિયાતા ગણાવવાને આ લોકો નીકળ્યા છે' તેઓ મિથ્યાભિમાનીઓ અને ઘમંડીઓ છે અને નવું ધતીંગ કાઢીને પ્રસિદ્ધિ પ્રાપ્ત કરવા નીકળ્યા છે એવું પણ કહ્યું ડિકન્સ જેવા પણ તેમની સામે ઊકળી પડ્યા હતા.

પણ એ વખતે ઑક્સફર્ડનો એક તાજો ગ્રૅજ્યુએટ તેમની મદદે ધાયો, જે પાછળથી ઇંગ્લંડના મહાન કલાવિવેચક અને વિદ્વાન ચિંતક તરીકે જગતખ્યાત થયો. એનું નામ જૉન રસ્કિન. એણે દલીલપૂર્વક બાપોકાર જાહેર કર્યું કે આ નવીન કલાકારોની કૃતિઓ પોતાનાં આલેખનની સંપૂર્ણતા અને રંગની સુરખી વડે રૉયલ ઍકેડેમીની સર્વોત્તમ કૃતિઓ કરે એવી છે, અને મને તો પાકી ખાતરી છે કે સૈકાઓથી નજરે નહિ પડેલી એવી મર્મગામી અને શક્તિવંત કલાપરંપરાનો આજે પાયો નંખાઇ રહ્યો છે.

મિલેએ આરંભમાં આ મંડળના સિદ્ધાંતો અનુસાર સંખ્યાબંધ ચિત્રો કરી તેની પ્રતિષ્ઠાને ખૂબ જોર આપ્યું; પણ પાછળથી તેને લાગ્યું કે કુદરતનાં ધોરણો ઉપર પણ કળા પોતાનાઅધિકારથીયોગ્ય રૂપાંતરો કરવાનો હક ધરાવે છે. આથી તેની કલાકારકાર્કિર્દિમાં ઘણા પલટા આવ્યા. પણ એ દરેક નવી ભૂમિકામાં તે સબળપણે વિજયી બની નીકળ્યો. રૉઝેટીએ પણ પાછળથી પોતાની કલમને કવિકલ્પનામાં તરતી કરીને મૂળ સિદ્ધાન્ત ઢીલો કરેલો. માત્ર હૉલમન હન્ટ જ એકલો છેક સુધી વિકટ સંજોગો વચ્ચે પણ અડગપણે તેનું પાલન કરતો રહ્યો. પણ આ કલાકારસંઘે ઇંગ્લંડની કલામાં જે નવપ્રાણ આણ્યો અને કળાને પુરોગામીઓના આડંબરી આદેશો તથા ઘરેડિયા રચનાઓની ચૂડમાંથીમુક્તકરી, એ હકીકત તો જગતના કલાઇતિહાસમાં અનોખું પ્રકરણ બની રહી છે

ન હતું. તેનામાં અપૂર્વ આત્મશ્રદ્ધા હતી, ઉત્તમ ચિત્રકાર થવાની નિઃસીમ શક્તિઓ હતી અને તેનું વ્યક્તિત્વ આકર્ષક તથા તેજભર્યું હતું. પણ તે જ વેળા તેણે પોતાના જેવડા બીજા બે ચિત્રકારો હૉલમન હન્ટ અને દાન્તે ગૅબ્રીઅલ રૉઝેટી સાથે મશહૂર 'પ્રી-રાફેલાઇટ બ્રધરહુડ'ના મંડળની સ્થાપના કરી. આને લઇને જૂને ચીલે ચાલનાર ચિત્રકારો અને વિવેચકોએ એ બધાનો કેવો અન્યાયી સામનો કર્યો, તેમને હેરાન કરવાના કેવા યત્નો કર્યા અને તેમાં મુલ્કમશહૂર ચિત્રકલાવિવેચક જૉહ્ન રસ્કિને તેમનો અને તેમની ભાવનાઓનો કેવો સમર્થ બચાવ કર્યો એ ઇતિહાસ અત્યંત રસમય અને પ્રેરક છે.(એનો થોડો ખ્યાલ શ્રી રવિશંકર રાવળે આ ઉપર આપ્યો છે)

જાન્યુઆરી, ૧૮૫૦માં પોતાના મંડળના સિદ્ધાંતોનું સમર્થન કરવા માટે તેમણે 'જર્મ' (બીજક) નામનું માસિક પણ કાઢ્યું. આ માસિક જૂની ઘરેડમાં ચાલનારાઓને ખુલ્લો પડકાર આપતું હતું. આ વેળા મિલેએ એનું પ્રખ્યાત ચિત્ર 'પોતાનાં સુથાર માબાપના ગૃહમાં જીસસ' દોર્યું. પરિણામે મિલેને મળેલા ઑર્ડરો પણ કૅન્સલ કરવામાં આવ્યા અને તે વખતે તો એને એમ પણ થઈ ગયું કે પોતાને પુનઃ આગલી લોકપ્રિયતા પ્રાપ્ત થવાની નથી. છતાં એ પોતાના સિદ્ધાંતો અને માન્યતાઓથી ચલિત થયો નહિ.

અહીં એટલું કહેવું જરૂરનું છે કે આવાં ઉગ્ર તોફાનો વેળાએ પણ રૉયલ ઍકેડેમીએ એનો ત્યાગ કર્યો ન હતો; ઊલટું એણે તો એ સાલમાં જ-૧૮૫૩માં-મિલેને પોતાનો 'એસોશિયેટ' (સહકારી) તરીકે ચૂંટી એ. આર. એ. (એસોશીએટ ઑવ ધ રૉયલ ઍકેડેમી) બનાવ્યો. પણ નિયમ પ્રમાણે માણસ ચોવીસ વર્ષનો થાય નહિ ત્યાં સુધી તેનાથી 'એ. આર. એ.' થવાય નહિ, એટલે એ ચૂંટણી ગેરકાયદેસર ઠરી ને ત્રણ વર્ષ રહીને એની ફરીથી ચૂંટણી કરવી પડી!

૧૮૫૪માં જૉહ્ન રસ્કિનની પત્નીએ રસ્કિનથી છૂટાછેડા લીધા અને તે મિલે જોડે પરણી. આ લગ્ન ઘણું સુખપ્રદ નીવડ્યું. તેની પીંછી એક પછી એક સુંદર ચિત્રો આલેખતી જ ગઇ. 'પ્રી-રાફેલાઇટ' વિરુદ્ધ ઊભું થએલું તોફાન ધીમેધીમે શમી ગયું અને મિલેનું મૂળથી જ આશાજનક જણાતું જીવન હવે સાફલ્યની સિદ્ધિએ પહોંચ્યું. ઇ ૧૮૫૨માં 'ઑફીલિયા,' ૧૮૫૩માં 'ઑર્ડર ઑવ રીલીઝ' તથા 'પ્રોસ્ક્રાઇબ્ડ રૉયલિસ્ટ' અને ૧૮૫૪માં 'રસ્કિન'નું અતિ પ્રતિભાશાળી તૈલચિત્ર તૈયાર થયાં. ૧૮૫૫–૫૬માં તૈયાર થએલાં ચિત્રોમાં 'ઑટમ લીવ્ઝ' અને 'અંધ બાળા' એ બેએ ખૂબ ધ્યાન ખેંચ્યું. ૧૮૫૯ના 'વૅલ ઑવ રેસ્ટ'ના ચિત્રે તો મિલેની જુદા જ પ્રકારની શક્તિઓનો કલારસિકોને પરિચય કરાવ્યો. એમાં બે સાધ્વીઓ પોતાના મઠના બગીચામાં બેઠી બેઠી નિત્યકર્મ કરે છે એનું અત્યંત પાવક ચિત્ર છે. એનું વાતાવરણ પ્રશાંત, ગંભીર અને પવિત્ર છે.

પણ ૧૮૬૦ પછી એણે શૈલી બદલી. 'પ્રી-રાફેલાઈટ' સિદ્ધાંતો રહ્યા, પણ એની મર્યાદા વિશાળતર થઈ ને બંધનો નીકળી ગયાં. ૧૮૬૩માં તેને 'એ. આર. એ.'માંથી 'આર. એ.' (રૉયલ ઍકેડેમીશીઅન) બનાવવામાં આવ્યો. તેની શૈલીએ ૧૮૬૮માં ફરી પલટો ખાધો ને તે પલટો પછી ઠેઠ સુધી રહ્યો. ૧૮૬૭ સુધી મિલેનાં ચિત્રોમાં ઝીણામાં ઝીણી વિગતો સંભાળપૂર્વક ચીતરાતી. ૧૮૬૮માં તે બંધ થઈને

એને બદલે શક્તિભરી પીંછીથી એ વિગતોનું માત્ર સૂચન જ કરતો. સરળ વાસ્તવિકતાનું સ્થાન ભવ્ય 'ઇમ્પ્રેશનિઝમ'થી ભરાયું.

૧૮૬૮-૭૦ નાં બે વર્ષમાં અનેક ચિત્રોની પરંપરામાં બે ચિત્ર ખાસ ધ્યાન ખેંચે છે: 'રાલેની બાલ્યાવસ્થા' અને 'તારણહાર'. આમાં 'રાલેની બાલ્યાવસ્થા' શાળાઓમાં બહુ જાણીતું ચિત્ર છે. એમાં એક ખલાસી દૂરદૂરના દેશોની મુસાફરીનાં સાહસકર્મોની વાત કરે છે અને તે બાળક રાલે અને એનો એક એવડી ઉંમરનો મિત્ર ઉત્સુક આંખે ધ્યાનપૂર્વક સાંભળે છે. કોઈ પણ સામાન્ય ચિત્રકાર આવા પ્રસંગને ઊર્મિલ બનાવી દેત, પણ આ ગ્રાહકથીએ એને એ દોષથી મુક્ત રાખ્યું છે. આગળના ભાગમાં અતિ ઝીણવટભર્યું ચિત્રણ લઇ સમુદ્ર વગેરેને 'ઇમ્પ્રેશનિસ્ટિક' રીતે ચીતર્યાં છે.

● ૧૮૮૬માં તેનું સૌથી ઉત્તમ નહિ પણ સૌથી જગજાણીતું થએલું ચિત્ર 'બબલ્સ' (પરપોટા) ચીતરાયું. આ ચિત્રમાં પોતાના પૌત્રને મિલેએ સાબુના ફીણના પરપોટા ઉરાડતો બતાવ્યો છે. એ ચિત્ર મિલેના એક મિત્રે વેચાતું લીધું હતું અને એ મિત્ર પાસેથી, તેનો જાહેરખબરમાં ઉપયોગ કરવા માટે, જગપ્રસિદ્ધ 'પેર્સ' સોપ (જેને લોકો 'પીઅર્સ સોપ' કહે છે તે)ના બનાવનારાઓએ હક્ક લીધા. તે વેળા આ બનાવથી કલાની દુનિયામાં ખૂબ ઉહાપોહ થએલો. એક મહાન ચિત્રકાર પોતાના ચિત્રનો જાહેરખબર માટે ઉપયોગ કરવા દે એ ઘણાં કલારસિયાં માટે આઘાત સમાન હતું. પણ આમાં ચિત્રકારે પોતે રજા આપી ન હતી એટલે એનો દોષ ન હતો.


ઘણા વિવેચકોના મતાનુસાર મિલેનું ઉત્તમ ચિત્ર તે તેણે ૧૮૭૪ માં ચીતરેલું 'નૉર્થવેસ્ટ પૅસેજ' (આટલાંટિકમાંથી પૅસિફિકમાં જવાનો ઉત્તર માર્ગ). એમાં એક નિવૃત્ત થએલો વૃદ્ધ કપ્તાન પોતાના નાનકડા ખંડમાં ખુરશી ઉપર બેઠો છે. તેના હાથ પકડી તેની મોટી ઉમરની પુત્રી જમીન ઉપર બેઠીબેઠી બરફથી ઠરી ગએલા પ્રદેશોની પિતાએ કરેલી, મુસાફરીની નોંધપોથીનાં પાનાં વાંચે છે અને એ રીતે કપ્તાનનું પૂર્વ-જીવન ઉકેલે છે. ખંડને તરીમાર્ગના સાહસિક મુસાફરને શોભે તેવી વસ્તુઓથી અલંકૃત કરેલો છે. ઈંગ્લંડના જીવનનું જાણે પ્રતીક હોય તેવો આ પ્રસંગ મિલેએ અદ્‌ભુત રંગજમાવટ અને બે મનુષ્યાકૃતિઓની ચાતુર્યયુક્ત ગોઠવણીથી આલેખ્યો છે.



['રાલેનું બાળપણ' ચિત્ર માટે મિલેનો પ્રાથમિક સ્કેચ.]

૧૮૮૫માં મિલેને 'સર'નો ઇલ્કાબ આપીને બૅરોનેટ બનાવવામાં આવ્યો. ૧૮૯૬ના ફેબ્રુઆરીમાં તેને લૉર્ડ લેઇટનના મૃત્યુથી ખાલી પડેલું રૉયલ ઍકેડેમીનું પ્રમુખસ્થાન આપવામાં આવ્યું અને તે 'પી.આર.એ.' (પ્રેસિડેન્ટ ઑવ ધ રૉયલ ઍકેડેમી) થયો. પણ તે સમયે તેને કૅન્સરનું દર્દ લાગુ પડી ચૂક્યું હતું અને એ સ્થાને માત્ર છ જ માસ રહી તે ૧૩મી ઑગસ્ટ, ૧૮૯૬ને દિને મૃત્યુ પામ્યો. તેના દેહને સૅંટ પૉલના દેવળમાં દફનાવવામાં આવ્યો

લગભગ ૬૭ વર્ષની વયે મિલે મૃત્યુ પામ્યો, છતાં એક રીતે જોતાં તે અકાળે મૃત્યુ પામ્યો એમ કહી શકાય. એનું આરોગ્ય એટલું સરસ હતું અને એનો બાંધો એટલો મજબૂત હતો કે આ વયે તેનું મૃત્યુ સહજ ન ગણી શકાય. વળી તેની ચિત્રકાર તરીકેની શક્તિઓમાં જરા પણ ક્ષીણતા નહોતી આવી. ઘણા 'પ્રોડિજી' કાં તો અકાળે મૃત્યુ પામે છે, કાં તો એમણે બાલ્યકાળમાં આપેલી આશાઓ ફળીભૂત નથી થતી, તેમ મિલેના સંબંધમાં ન બન્યું. એણે નવ વર્ષની વયે જે આશાઓ જગાડી તે પૂરેપૂરી બર આણી પૈસાને માટે એને કદી વિટંબણા વેઠવી પડી નથી, પોતાની કદર કરાવવા એને કદી ભગીરથ પ્રયાસો કરવા પડ્યા નથી, કીર્તિ, લોકપ્રિયતા અને માનની શોધમાં એને કદી જવું પડ્યું નથી; ને આટલું છતાં,–એનું જીવન તદ્દન સરળતાથી વહ્યું હતું છતાં,–એની અપ્રતિમ નૈસર્ગિક શક્તિઓ, જેમ સામાન્યરીતે બને છે તેમ, એ સરળતાને કારણે કુંઠિત ન થઇ જતાં દિનપ્રતિદિન વિકસતી જ ગઈ હતી લોકપ્રિયતાએ એને કદી પોતાની કલાપૂજામાં બેપરવાહ નહોતો બનાવ્યો. કલાકાર તરીકે છેવટ સુધી તપસ્વી, મનુષ્ય તરીકે ઉદાર, મિત્ર તરીકે અતિશય સ્નેહભર્યો, દુશ્મન તરીકે દાનો, બાળકોને ખૂબખૂબ ચાહનાર મિલે બ્રિટિશ ચિત્રકારોમાં વર્ષો સુધી લોકપ્રિય રહ્યો છે ને રહેશે. **ધનસુખલાલ મહેતા**



મિલેની બાળપણની સ્કેચબુકનાં આ પાનાં એની બાલપ્રતિભાની સમર્થ શક્તિ દર્શાવે છે

સોળમી સદીના એક ઐતિહાસિક પ્રસંગની નાટિકા

સીદી અલી

લેખક
શ્રી યશોધર નર્મદાશંકર મહેતા

★

દૃશ્ય પહેલું

સમય : ઈ. સ. ૧૫૩૯ની આસપાસ
સ્થળ : સુરતનું બંદર
પાત્રો : સીદી અલી અને મિસરી ખલાસીઓ

[સીદી અલી અને તેના ખલાસીઓ સુરતના બંદરે પોતાનાં ત્રણચાર વહાણોમાં આવી પહોંચે છે.]

મુખ્ય ખલાસી—નામવર! આ હિંદના મુખ્ય બંદરે આપણે આવ્યા: વિજેતા તરીકે નહિ. પણ ફિરંગી કાફલાથી નાસી છૂટેલા યોદ્ધાઓ તરીકે! કિસ્મતનો તમાશો અજબ છે.

અલી—હા, કિસ્મતની બેરહમ મશ્કરી. પાદશાહ સલામત સુલેમાન શાહના તાજમાં હિંદનો મહામૂલો મણિ ખુદાતાલાએ નિર્મેલો નહિ! જે હિંદને જીતવા આપણે નીકળેલા તે હિંદને શરણે આપણને ખુદાએ કર્યા! આપણે તો ખુદાની મરજીના ફક્ત ગુલામ છીએ.

[વહાણો બંદરમાં આવી પહોંચે છે. બંદરનો અમલદાર બીજા અમલદારો સાથે ડક્કા પર ધસી આવે છે.]

અમલદાર—ગુજરાતના સુલતાન બહાદુરના બંદરે કોણ છો તમે? મહેમાન હો તો સુલતાન બહાદુરના નમકહલાલ ખાદિમો આપને આવકારે છે. દુશ્મન હો તો સુલતાન બહાદુરના નમકહલાલ ખાદિમો શમશેરથી સામનો કરશે.

અલી—આદાબ અર્ઝ! સારા ઇસ્લામની ઈજ્જતના રક્ષણહાર પાદશાહ સુલેમાનના તુર્કી નોકરો ગુજરાતના કિનારે મહેમાન તરીકે આવ્યા છીએ અને ગુજરાતની મહેમાનગીરી ચાહીએ છીએ.

અમલદાર—તસલીમાતે અર્ઝ! શાહ સુલેમાનના સેવકને સુલતાન બહાદુરનો નમ્ર સેવક આવકારે છે.

[અમલદાર અલીને આવકારે છે અને એક માણસને વડા લશ્કરી અમલદારને બોલાવવા મોકલે છે.]

અલી—ગુજરાતની મહેમાનગીરી ને ગુજરાતનાં વહાણો સાતે સમુદ્રમાં મશહૂર છે. સુલતાન બહાદુરને મારે નમ્ર અર્જ ગુજારવાની કે મારાં વહાણોને સુરતના બંદરમાં સહીસલામત રાખે. હું મારા ખલાસીઓ સાથે હિંદ ખેડી જમીન રસ્તે તુર્કી જવા માગું છું.

અમલદાર—આપની મરજીને સુલતાન બહાદુર આવકારશે.

અલી—સુલતાન બહાદુરને ખુદા સલામત રાખે.

[એટલામાં વડો લશ્કરી અમલદાર આવે છે. અલી અને તે અમલદાર પરસ્પર નમે છે]

લશ્કરી અમલદાર—બેશક, બેશક. ફિરંગીઓનાં ફિતૂર અને ફરેબનો સામનો કરવા સુલતાન બહાદુરની શમશેર તૈયાર છે.

અલી—ફિરંગાં? ફિરંગાંના દુશ્મન તે અમારા દોસ્ત. અમારા દોસ્ત તે ફિરંગાંના દુશ્મન. હાથ મિલાવીએ. (બંને હાથ મિલાવે છે.) બોલો, સુલતાન બહાદુરના નમકહલાલ અમલદાર, શો હુકમ છે? શાહ સુલેમાનનો નોકર તેના પચ્ચાસ સિપાહી અને એકાવનમો પોતે, એકાવન શમશેર સાથે ફિરંગાંઓનાં ધડ સરથી અલગ કરવા તૈયાર છે.

અમલદાર—નેક નામદાર શાહ સુલેમાનના અમલદારને હુકમ ન હોય, અર્ઝ હોય. ફિરંગીઓના ફરેબે એક જૂઠા ઉમેદવારને ઊભો કર્યો છે. ફિરંગીઓના ફરેબની પરવાહ સુલતાન બહાદુરને નથી.

અલી—સુલતાનબહાદુરનેએવા ચાંચડો મારવાની તસ્દી ન ઘટે. મહેમાનગીરી વાળવાની એટલી તક સુલતાન બહાદુર અમને બક્ષે એટલી અર્ઝ.

અમલદાર—સુલતાન બહાદુર સલામત! શાહ સુલેમાન સલામત! નામદાર વઝીર સાહેબને આપની અર્ઝ અબઘડી પેશ કરીશ. આદાબ અર્ઝ! (સલામ કરી લશ્કરી અમલદાર જાય છે અને થોડી વારે પાછો આવે છે. દરમ્યાન અલી અને ડક્કાનો અમલદાર અંદર અંદર વાતો કરે છે, જે રંગભૂમિ ઉપર સંભળાતી નથી.)

અમલદાર—આદાબ અર્ઝ! સુલતાન બહાદુરની શાહ સુલેમાનને સલામ. શાહ સુલેમાનનાં વહાણોનો સુલતાન બહાદુરના બંદરે ઈંતેજામ થશે. શાહ સુલેમાનના સિપાહીઓની મદદ સુલતાન બહાદુર સાભાર સ્વીકારશે.

અલી—સુલતાન બહાદુર સલામત! ફિરંગીઓનું ખૂન શાહ સુલેમાનના સિપાહીઓની શમશેરોની તરસ છીપાવશે.

[પડદો]

દૃશ્ય બીજું

સમય : એક મહિના બાદ
સ્થળ : અમદાવાદમાં સુલતાનનો દરબાર
પાત્રો : સુલતાન, વઝીર અને અલી

[અલી વઝીર સાથે ઊભો રહ્યો છે ને સુલતાન તખ્ત ઉપર વિરાજે છે.]

વઝીર—ખુદાવંદ! ફિરંગીઓએ આ શખ્સની માગણી કરી છે. ફિરંગી એલચી જણાવે છે કે આપ આ શખ્સને ફિરંગીઓને સુપુર્દ નહિ કરો તો ફિરંગીઓ સાથે ટંટો થશે. આપ હુકમ ફરમાવો.

સુલતાન—ફિરંગી એલચીને રોશન થાય કે ફિરંગીઓથી ગુજરાત બીતું નથી, ગુજરાતનો સુલતાન બીતો નથી, ફક્ત ગુજરાતનો વઝીર બીએ છે, અને તે દિલગીરીની બીના છે. ગુજરાતનાં વહાણ ફિરંગીઓને તેમના મુલ્ક સુધી વળાવવા તૈયાર છે.

વઝીર—ખુદાવંદ! ગુજરાતનો વઝીર ફિરંગીઓથી બીતો નથી. ગુજરાતનો વઝીર ફિરંગીઓને ફક્ત દુશ્મન નથી ઈચ્છતો.

સુલતાન—અને ગુજરાતનો સુલતાન શાહ સુલેમાનની બિરાદરી ઈચ્છે છે.

વઝીર—હજૂર! શાહ સુલેમાન દૂર છે; ફિરંગી નજીક છે.

અલી—(ગુસ્સાથી વઝીર તરફ જોઇને) શાહ સુલેમાન દૂર નથી, શાહ સુલેમાનની શમશેરથી ફિરંગીઓ દૂર છે. શાહ સુલેમાન શમશેરથી સર્વના દોસ્ત છે, સમજ્યા! (અલી તલવારની મૂઠ ઉપર હાથ મૂકે છે) અગર આપ શાહના નોકરને ફિરંગીઓને પેશ કરશો તો ગુજરાત શાહની જંગી સલ્તનતને પેશ થશે. ગુજરાતનું નમક ન ખાધું હોત તો હું આ ચેતવણી ન આપત, વઝીરસાહબ! તમારી અક્કલનું જોર ગુજરાતને ફિરંગીઓ તરફ ધસડતું હોય તો ગુજરાતની કમનસીબી સમજો. (અલી અટકે છે; સુલતાન અને વઝીર દિક્મૂઢ સાંભળી રહે છે; અલી ફરી આગળ બોલે છે) ફિરંગી દોસ્ત નહિ બને, પણ ઈસ્લામના તાજ સમા શાહ દુશ્મન થશે. વઝીરસાહબ! શાહ સુલેમાન દૂર છે માટે નથી દેખાતા, કે નથી દેખાતા માટે દૂર છે? બુઝર્ગ છો તેથી આપની નજર લાંબું ન જોઇ શકે તે મુમકિન છે.

[અલી તપેલે ચહેરે વઝીરને જોઈ રહે છે. એનો હાથ તલવારની મૂઠ ઉપર જોર કરે છે. ગભરાએલો વઝીર નીચું જુએ છે. સુલતાન અલીને શાંત પાડે છે.]

સુલતાન—શાહ સુલેમાન અમારા દોસ્ત છે અને દોસ્ત રહેશે. ફિરંગીઓની દોસ્તી ખાતર શાહની દુશ્મનાવટ કરવા ગુજરાત રાજી નથી. બિરાદર ! ગુજરાતના સેવક તરીકે ગુજરાતમાં રહો ને ગુજરાતના સેનાપતિ બનો.

અલી—શાહનો નોકર બીજાનો નોકર બની શકતો નથી. ફક્ત દોસ્ત કે દુશ્મન બની શકે છે. દિલગીર છું

સુલતાન—તો બીજી શી મરજી છે? માગો.

અલી—ફક્ત એટલું કે મને આગળ જવા દો, ને ભોમિયા આપો.

સુલતાન—વઝીરજી! સરદાર અલીને જવા દો અને એમની સાથે ભાટ લોકોને ભોમિયા તરીકે મોકલજો. (અલી તરફ જોઇને) ભાટને ભોમિયા તરીકે રાખવાનું કારણ જાણો છો ? ભાટની કે ભાટની સાથેના માણસોની છેડતી કોઇ કરતું નથી; કેમકે ભાટ જો ત્રાગું કરે અને આપઘાત કરે તો લોકો આફત ગણે છે, અને ભાટના જીવ પાછળ પોતાનો જીવ આપે છે.

અલી—સુલતાન બહાદુરની રહમ બદલ આભાર. મારી શમશેરને એટલો આરામ મળશે. (સુલતાન અને અલી હસે છે.)

.[પડદો]

દૃશ્ય ત્રીજું

સમય:–છ મહિના બાદ
સ્થળ:–હુમાયૂંનો મહેલ
પાત્રો:–હુમાયૂં અને અલી

[અલી હુમાયૂંની સામે બેઠો છે.]

હુમાયૂં—બિરાદર ! તમારા ઉપર, તમારી બહાદુરી ઉપર મુઘલ શાહ હુમાયૂં આફરીન છે. તમારી બહાદુરીની તારીફ કરવા મુલતાનમાં મને વખત નહોતો, પણ દિલમાં દોસ્તી ઊગી ગઇ હતી. શેરશાહને ને મારા કમનસીબ ભાઇને તમારી મદદ વગર હું હરાવી ન શકત. જે તખ્તનશીન તે કોઇનો દોસ્ત નહિ તે કહાવતને અપવાદ છે. હુમાયૂં અલીનો દોસ્ત છે. અલીની શમશેર, અલીની શાયરી, અલીની કાબેલિયત એ તમામ પર હુમાયૂં ફિદા છે.

અલી—જહાંપનાહ ! નાચીઝ છું. કદમબોસીની મુરાદ છે.

[હુમાયૂંને ઝૂકીને નમે છે.]

હુમાયૂં—બિરાદર! કદમબોસી શાહ સુલેમાનની કરજો. હુમાયૂં દોસ્ત છે ને દોસ્ત જ રહેશે. દોસ્તને દિલ ખોલીને હવે કહો.

અલી—ફરમાવો.

હુમાયૂં—શાહ સુલેમાનની સલ્તનત કેવડી છે?

અલી—શાહ હુમાયૂંની સલ્તનતથી ત્રેવડી છે.

હુમાયૂં—કદમાં કે જોરમાં ?

અલી—કદમાં ને જોરમાં બનેમાં.

હુમાયૂં—સોના ચાંદી ઝવેરાતમાં મુઘલ સલ્તનતને મુકાબલે ?

અલી—સલ્તનતની શક્તિનાં માપ સોના ચાંદી ઝવેરાતથી નથી મપાતાં, લશ્કરી જોરથી મપાય છે.

હુમાયૂં—સાચી દોસ્તીથી નથી મપાતાં શું ?

[અલી ઝાંખો પડે છે. પછી હુમાયૂં તરફ જોઇને ભાવથી હસે છે. થોડી વાર મૌન પ્રસરે છે].

અલી—જહાંપનાહ ! રજા દો તો હવે હિંદ છોડી તુર્કસ્તાન જાઉં. ઘણું રહ્યો અને આપની મુહબ્બત ઘણી ચાખી.

હુમાયૂં—મુહબ્બતમાં મુસીબત પણ છે. ખગોળશાસ્ત્રને તમારી જરૂર છે, કેમકે હિંદની ખગોળગણત્રીઓ સુધારવાની છે. હિંદનો નૌકા કાફલો ઊભો કરવા મુઘલાઈને હજી તમારી જરૂર છે. વળી હિંદની શાએરી પણ તમારા વગર સૂની પડશે. અને (ઘણુ જ ધીમેથી) ખુદ હુમાયૂંને તમારી જરૂર છે, ઘણી જરૂર છે. સમ્રાટ્‌ના ફરમાનને ન ગણકારો પણ દોસ્તની આ અર્જને સ્વીકારો.

અલી—દોસ્તીનો દાવો પહેલો. પણ શાહાનશાહ ! હું છું શાહ સુલેમાનનો ગુલામ. ગુલામ મિત્ર નકામો.

[દીનતાથી હુમાયૂં તરફ જોઈ રહે છે. હુમાયૂં અફસોસનો શ્વાસ મૂકે છે.]

હુમાયૂં—દોસ્તીની ગુલામી ચાહું. મારા દોસ્તનો તો હું ગુલામ છું. દોસ્તની જેવી મરજી.

અલી—તો ખત પર પરવાનગીની મહોર મારો.

હુમાયૂં—કાલ સવારે કેસરના કટોરામાં મુઘલ શાહનશાહ મુઠ્ઠી બોળશે ને અલીના પરવાનગીખત પર હુમાયૂંની મુઠ્ઠી છુટ્ટી બક્ષશે.

અલી—દોસ્ત સલામત.

[ભારે હૈયે હુમાયૂં પોતાના મહેલમાંથી નીચે આવવા નીકળે છે; પરંતુ તેના પગમાંથી જાણે જોર ચાલ્યું ગયું હોય તેમ તે ચાલે છે. અલીના જવાના વિચારે તે ગમગીન છે. સીડી ઊતરતાં એકાએક તેનો પગ સરી પડે છે અને ગબડતો ગબડતો ભોંય પડે છે. અલી તેની પાછળ દોડે છે અને હુમાયૂંનું માથું પોતાના હાથ પર ટેકવે છે. હુમાયૂં અર્ધું બેભાન જેવો છે.]

હુમાયૂં—(ઘણા જ ધીરા અને દુ:ખી અવાજે) દોસ્ત ! તું જાય તે પહેલાં હું જાઉં છું.

અલી—આવી શી ઉતાવળ હતી ? આપની આવી ઉતાવળ હું જાણતો હોત તો પરવાનગી ન માગત.

હુમાયૂ—આ છે દોસ્તીની ગુલામી, નહિ કે ગુલામીની દોસ્તી.

[માથું ઢળી પડે છે. અલીને લાગે છે કે પોતે હુમાયૂંનું શબ જ પકડી રહ્યાં છે.]

અલી—હા. શાહ સુલેમાનનો હું ફક્ત ગુલામ, પણ હુમાયૂંનો તો હું દોસ્ત.

[પડદો ઘણો જ ધીમેથી પડે છે.]

દૃશ્ય ચોથું

સમય:–તે જ દિવસે કલાક પછી
સ્થળ:–હુમાયૂંનો મહેલ
પાત્રો: વઝીર અને અલી

અલી—વઝીરજી ! હિંદે સમ્રાટ ખોયો, આપે માલિક, પણ મેં તો મિત્ર. મિત્રની વાત સાંભળો.

વઝીર—આપની વાત આપના મિત્રનો નોકર કેમ ન સાંભળે?

અલી—રાજતખ્ત સૂનું ન રહે. હિંદમાં મુઘલાઈનાં મૂળ હજી ઊંડાં નથી ગયાં. મારા દોસ્તે ગએલી સલ્તનત મુસીબતે પાછી મેળવી તે યાદ હશે. શાહઝાદા અકબરને એ તકલિફમાંથી ઉગારી લેવા તે આપની તથા મારી ફરજ છે.

વઝીર—બેશક.

અલી—તો સાંભળો અને મારી સલાહ મુજબ કરો.

વઝીર—ખાત્રી રાખશો.

અલી—શાહઝાદા અકબર રાજધાનીમાં ન પધારે ત્યાં સુધી શાહાનશાહ હુમાયૂં હયાત છે.

વઝીર—એટલે ?

અલી—એટલે શાહાનશાહનું મરણ સલ્તનત માટે બે રોજ મોડું થશે, સમજ્યા ? શાહઝાદા તશરીફ લાવે ત્યાં સુધી શાહાનશાહ સલામત હશે તો સલ્તનત પણ સલામત રહેશે. નહિતર શાહઝાદા અહીં પહોંચી પણ નહિ શકે. શાહઝાદાના પિત્રાઈઓ તાકીને બેઠા છે.

વઝીર—પણ દરમિયાન તખ્ત પર કોણ બેસશે ?

અલી—શાહાનશાહ હુમાયૂંનું પૂતળું. શાહાનશાહના તાજ, પોષાક, ને જવાહર શાહઝાદાની ગેરહાજરીમાં શાહાનશાહનું પૂતળું પહેરશે, બીજું કોઈ નહિ.

વઝીર—આપની ચતુરાઈ આગળ કોઈનું કશું ચાલવાનું નથી. આપની સલાહ મંજૂર છે.

[પડદો]

દૃશ્ય પાંચમું

સમય: ત્રણ દિવસ પછી

સ્થળ: અકબરનો મહેલ

પાત્રો: અકબર, વઝીર અને અલી

અકબર—કાબુલ અને કંદહાર જવાનું મારા રાજ્યમાં બંધ છે.

અલી—હું તો મર્હૂમ શાહાનશાહના રાજ્યમાંથી જવાની રજા મેળવી ચૂક્યો છું.

અકબર—વઝીરજી ! આ શખ્સની પરવાનગીનું ખત છે ?

વઝીર—જહાંપનાહ ! મારી જાણમાં નથી.

અલી—શાહાનશાહ ! ખત મોજૂદ છે, પણ શાહાનશાહ હુમાયૂં તે પર કેસરની મુઠ્ઠી મારે તે પહેલાં મૃત્યુએ તેમને મુઠ્ઠી મારી. શાહાનશાહ અકબરની ખાતર નહિ પણ મારા મર્હૂમ દોસ્તના શાહઝાદા ખાતર મેં હિંદ તુરત છોડ્યું નહિ. વઝીરજી શાખ પૂરશે.

અકબર—(વઝીર તરફ આંખ મિચકારી) હેં વઝીરજી ?

વઝીર—(અલી તરફ માનથી જોઇને હસીને) મુઘલાઈના ઊગતા આફતાબની ખાતર, જહાંપનાહ ! બિરાદર અલીનું કામ પત્યું છે, સારું હિંદ એમનું ઋણી છે, શાહાનશાહની એમને રજા હો.

[પડદો]

દૃશ્ય છઠ્ઠું

સમય : પાંચ વર્ષ પછી

સ્થળ : ઈસ્તંબુલમાં શાહ સુલેમાનનો મહેલ

પાત્રો : શાહ સુલેમાન અને અલી

[અલી શાહની સામે ઘૂંટણે પડીને બેઠો છે.]

શાહ—અલી ! હવે તારી હકીકત કહે.

અલી—હજુરની જેવી મરજી. આપે મને આપણો કાફલો પાછો હંકારી લાવવા બસરા મોકલ્યો, પણ અરધે રસ્તે પહોંચ્યો ત્યાં ફિરંગીઓનાં જંગી વહાણો પાછળ પડેલાં જોયાં.

શાહ—હં ? તુર્કસ્તાનમાં ફિરંગીઓના જાસુસોની ક્યાં કમીના છે ? પછી ?

અલી—અધૂરામાં પૂરું વાવાઝોડું થયું, અને હું બસરા પહોંચ્યો ત્યારે આપણાં વહાણોમાંથી પોણા ભાગનાં તારાજ થયાં હતાં. ફિરંગીઓએ એવો દેખાવ કર્યો કે એમણે જાણે મારો પીછો મૂકી દીધો હતો ! રહ્યાંસહ્યાં વહાણો સાથે હું ચુપકીથી નીકળ્યો, પણ થોડે આવ્યો ત્યાં ત્રણે બાજુ પરથી ફિરંગીઓનાં જંગી વહાણોએ ધસારો કર્યો. પૂર્વ દિશા ખાલી હતી, એટલે મેં રહ્યાંસહ્યાં ચાર વહાણો તે તરફ પુરપાટ હંકારી મૂક્યાં. બે રોજ બાદ ફિરંગીઓએ મારો પીછો છોડ્યો. પણ પછી પાછા વળવાને બદલે મેં આગળ જ હંકાર્યું; તે એવી આશાથી કે આગળ કોઇ બંદરે કાફલો નાંગરીશ. ચાર રોજ બાદ સુરત આવ્યું.

શાહ—અલી ! આ ફિરંગીઓ જ્યાં સુધી સલામત છે ત્યાં સુધી ઇરાન અને હિંદુસ્તાન તુર્કી સલ્તનતમાં નહિ આવે. બાબરના ગયા પછી હિંદમાં અંધાધૂંધી થઈ ત્યારે આપણે મોકો ગુમાવ્યો. શેરશાહે આપણી મદદથી હુમાયૂંની નબળાઇનો લાભ ઉઠાવી હિંદ પર રાજ જમાવવા ધાર્યું. શેરશાહને મદદ કરીને હિંદનું તખ્ત આપણે તેને અપાવત કે શેરશાહની મદદથી હિંદનું તખ્ત આપણે મેળવત એ આપણે નક્કી કરવાનું હતું. અને હજી પણ શું બગડ્યું છે ? મુઘલાઈનાં મૂળ હિંદની ભૂમિમાં હજી ક્યાં ઊંડાં છે ?

[અલીની આંખો બંધ થાય છે. પછી તે બોલે છે.]

અલી—હિંદને શમશેરથી જીતવું તેના કરતાં દોસ્તીથી જીતવું એ વધારે સારું છે. શાહના ગુલામે એ રીતે હિંદને સર કર્યું છે.

શાહ—હુમાયૂં તરફ મૈત્રી ને સુલેમાન તરફ રાજભક્તિ વચ્ચેનો તોડ સારો કાઢ્યો ! (એમ બોલી અલી તરફ તીક્ષ્ણ દૃષ્ટિ ફેંકે છે)

અલી—જહાંપનાહ ! હિંદને સર કરતાં ભારે મોંઘું પડત. અનેક સિપાહીઓથી, અઢળક ધનથી અને અનેકની ખફા મરજીથી તાબે કરેલા હિંદ કરતાં ફક્ત મૈત્રીથી તાબે કરેલું હિંદ સારું છે. શમશેરથી જીતેલું હિંદ શમશેરથી ટકાવવું પડત, એ પણ આપ ન વિસરશો.

શાહ—(કટાક્ષથી) ત્યારે બાબર ને હુમાયૂંએ ગલતી કરી, કેમ ?

અલી—ના. બાબર અને હુમાયૂં ત્યાં રહેવાના હતા, રહ્યા હતા. હિંદની બહારથી રાજ્ય નહોતા કરવાના હિંદને પોતાનું કરી પોતે હિંદના થયા, માટે હિંદ એમનું થયું. (શાહ વિચારમાં પડી જાય છે.)

શાહ—હિંદ મિત્ર રહેશે ?

અલી—હા, હિંદ સ્વભાવથી શત્રુ થઈ શકતું નથી.

શાહ—ત્યારે ફિરંગીઓનું પણ મિત્ર રહેશે ?

અલી—ના. ફિરંગી સ્વભાવથી મિત્ર થઇ શકતા નથી.

શાહ—ઠીક ભાઈ ઠીક, તું હિંદને વધારે પિછાને. વળી તુર્કસ્તાનને સૈન્ય ને નાણું ક્યાં વધારે પડયાં છે કે મિત્ર હિંદને શત્રુ કરવા વેડફે?

[શાહ ઊભો થઇ અલીનો ખભો થાબડે છે. અલીની આંખમાં સંતોષ ચમકે છે.]

[પડદો]

(લેખકના તથા ઑલઇંડિયા રેડિયોના સૌજન્યથી)

બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયમાં સંગીત વિદ્યાપીઠ

થોડા સમય ઉપર મદ્રાસ યુનિવર્સિટીએ સંગીતની પદવી આપવા માટે અદ્યારના કલાકેન્દ્રના વર્ગોને સંમતિ આપી અને તેના સ્નાતકો તૈયાર થવા માંડ્યા. એ ખબર મળ્યા પછી તાજેતરમાં કાશીમાં સંગીતમાર્તંડ પંડિતશ્રી ઓમકારનાથજીના નેતૃત્વ નીચે આર્યસંગીતનું એક પ્રધાન મથક સ્થપાયાના ખબર મળ્યા છે. તેમાં સંગીતનો ઉચ્ચ અભ્યાસ અને ઉપાસના કરાવવામાં આવશે. નૃત્યકલાને પણ તેના અંગ તરીકે સ્થાન મળશે. તેની પદવીઓ માટેનો અભ્યાસક્રમ નીચે મુજબ રહેશે: (૧) 'પ્રથમા' પદવી માટે ૩ વર્ષનો; (૨) 'દ્વિતીયા' માટે ૪ વર્ષનો; (૩) 'મધ્યમા' માટે પાંચ વર્ષ; (૪) 'ઉત્તમા' માટે ૬ વર્ષ. (૫) 'શિષ્ટપદા' માટે ૭ વર્ષ અને (૬) 'સંશોધિકા'નો ૯ વર્ષ. જે બાદ પી.એચ.ડી. અથવા 'વાચસ્પતિ' કે 'વાગ્દેવી'નું અભિધાન મળશે. આ સંસ્થાના પોષણ માટે આશ્રયદાતાઓ, દાતાઓ, સંસ્થાપકો આજીવન સભ્યો, અને દાનવીરોના વર્ગોદ્વારા દ્રવ્યસંચય કરવામાં આવશે. સરનામું: સંગીત વિદ્યાપીઠ, બનારસ, (યુ પી)

કવિવર રવીન્દ્રનાથના પત્રો

અહીં છે પ્રેરક ઉદ્બોધન, દર્દભર્યું આત્મશોધન અને ફૂલોનાં રૂપસૌરભનું કાવ્ય

અનુવાદક
રમણિક મેઘાણી



('પ્રવાસી' પત્રના સહકારી સંપાદક
શ્રી ચારુચન્દ્ર બંદોપાધ્યાય પરનો)

ૐ

બોલપુર
(શાન્તિનિકેતન)

પ્રિયવરેષુ,

મારા લખાણ વિષે કશું ન લખ્યું હોત તો સારૂં થાત, કારણ કે 'પ્રવાસી' સાથેનો મારો સંબંધ એટલો ગાઢ થઇ ગયો છે કે એમાં મારાં કાવ્યોનાં ગુણગાન બરાબર સુશ્રાવ્ય નહિ થાય. એ માટે જ નહિ; ખરી વાત તો એ છે કે ઘણા દિવસો થયાં હું લખતો આવું છું, ઉમર પણ ઓછી થઇ નથી, અને હવે થોડો સમય જ વધુ રાહ જોશો તો મારી કૃતિઓને મૂલવવાનો—સમાલોચના કરવાનો સમય આવી પહોંચશે. જ્યારે હું આ રંગભૂમિ પરથી એકાએક પ્રકાશ ગુલ થતાં દૂર સરકી જઈશ, ત્યારે મને શક્ય એટલો દૂર રાખી મારાં લેખન-સર્જન વિષે તમે બરાબર વિચારી શકશો. તમે પણ હમણાં મારા લેખનને શ્રેષ્ઠત્વ અર્પવા જશો તો એક પક્ષના લોકો માટે એ આઘાતરૂપ નીવડશે. અને એવું કરવાની કંઇ જ જરૂર નથી, કારણ કે મારાં કાવ્યો તો પુસ્તકોમાં હોય છે. જો એ સારાં હશે તો તો સારૂં જ છે, અને જો સારાં નહિ હોય તો યે એ ત્યાજ્ય વસ્તુને દૂર કરવા માટે વહનખર્ચ નહિ લાગે. એ આપમેળે નીરવપણે દૂર થઇ જશે. જેટલા દિવસ જીવતો છું ત્યાં સુધી હવે મારૂં નામ લઇને વધુ ધૂળ ઉડાડવાની ઇચ્છા નથી. મારા લેખનને તમે સારૂં કહો છો ત્યારે મને એ ગમતું નથી એમ કહું તો એ ખોટું બોલ્યો જ કહેવાઉં. પ્રશંસા સાંભળતાં મનની અંદરનો પ્રાણ જાણે નાચી ઊઠે છે, ને એ કારણે જ આ કેફને વધુ આશરો આપવાની ઇચ્છા નથી થતી. કારણ, એ વસ્તુની અંદર ઘણું યે એવું છે જે ખોટું છે; અર્થાત્ એમાં સત્યને ઓળખવા-જાણવાની ઈચ્છા નહિ, પણ પોતાની પ્રશંસા સાંભળવાની ઇચ્છા હોય છે, ને એ ઇચ્છા જ આ વિષે મિથ્યાની પણ કામના કરે છે, અત્યુક્તિને ચાહે છે: 'પોતાનું નામ' નામક એ કદરૂપ—ખરાબ વસ્તુ! મારૂં નામ જ્યારે હું મારા કાને ન સાંભળી શકું ત્યારે તમે તેને બર્જોઇસ કે મોટા, જેવાં બીબાંમાં છાપવું હોય તેમાં છાપજો; અત્યારે તો એને ઢાંકીને એક બાજુએ જ મૂકી રાખી, શક્ય હોય ત્યાં સુધી એને ભૂલી જજો. એને નિત્ય હલાવતા રહી ચારે તરફ વિદ્વેષનું વિષમંથન ઉતારશો મા. કાલથી તાવમાં પડયો છું. તમારો

ઈતિ ભાદ્ર૦ ૨૯, ૧૩૧૭ (બંગાળી સંવત) શ્રી રવીન્દ્રનાથ

('પ્રવાસી'ના તંત્રી શ્રી રામાનંદ ચટ્ટોપાધ્યાય પરના પત્રોમાંથી)

શ્રદ્ધાસ્પદેષુ,

જર્મનીમાં મારાં પુસ્તકોનું વેચાણ પ્રબળ વેગે શરૂ થયું હતું. એવામાં યુદ્ધ આરંભાયું. પરિણામે હિસાબ કરવાની વેળા આવી ત્યારે માર્કનો ભાવ એટલો ગગડી ગયો હતો કે જો એને રૂપિયામાં વટાવીએ તો એક ખોબો યે ન ભરાય! એટલે બધી જ આવક ત્યાં આપી આવ્યો! માર્કનો ભાવ જો ગગડયો ન હોત તો આજે વિશ્વ-ભારતી માટે મારે भिक्षाम् देही કરતાં ઝોળી લઇને ફરવું ન પડત. આજે મારાં પુસ્તકોનું વેચાણ ત્યાં કેવું છે અને એની શી ગતિ છે એની મને કંઈ જ ખબર નથી. જાણું છું ફક્ત એટલું જ કે મારૂં મહેનતાણું આવ્યું નથી. પણ એ માટે શોક કરવાનો કંઈ જ અર્થ નથી, કારણ લાભનો આંકડો મોટો થવાની મેં આશા જ નહોતી રાખી. વસ્તુતઃ યુરોપની બજારનાં મારાં પુસ્તકોના વેચાણનો નફો કલ્પી ન શકો એટલો હતો—હિસાબનો ચોપડો જોયા-તપાસ્યા વિના જ. મારે માટે હિટલરની જરૂર જ નહોતી મનને આ કહીને જ સાંત્વના આપું છું કે એકદા એવો યે દિવસ હતો જ્યારે કાલિદાસ વગેરે કવિઓ રસજ્ઞોને મહેલે તેમના કાવ્યનો પ્રચાર થાય એટલાથી જ ખુશ થતા. મને દુઃખ એટલું જ છે કે આજે વિક્રમાદિત્યનું ઠેકાણું શોધવા છતાં યે નથી મળતું. એ જમાનામાં જનસાધારણ વતી કવિને પુરસ્કાર-વાની ફરજ કોઈક એક અસાધારણ વ્યક્તિ પર હતી. આજે એવા રાજા કયાં છે? એવું જો હોત તો કૉપીરાઇટની સળગાવી મૂકવા જેવી વણિક્વૃત્તિ સરસ્વતીના મંદિરમાં અશુચિતા વધારત નહિ. રુચિ પણ હોય અને સૌષ્ઠવ પણ હોય એવો સુમેળ સમાજમાં આજે દુર્લભ નથી; છતાં તેઓ બે રૂપિયા કે સવા રૂપિયા જેટલી જ દક્ષિણા ચૂકવે છે. પરિણામે જેમને રુચિ છે પણ શક્તિ નથી એમને જ આકરો દંડ ભોગવવો પડે છે. વાણીને, શબ્દ-સાહિત્યને સુવર્ણની જેમ વેચવાની વૈશ્ય રીતિમાં જંગાલિયત છે એ સ્વીકારવું જ પડશે.

'અન્તરતર' શબ્દનો પ્રયોગ વેદમાં આમ છે:

तदेतत् प्रेयः पुत्रात् प्रेयो वित्तात प्रेयोहन्यस्मात्
सर्व्वस्मात् अन्तरतर यदयमात्मा.

જ્યોતિદાના ગીતમાં પણ 'અન્તરતર' શબ્દનો પ્રયોગ છે. જરૂર મુજબ જરા વધુ સૂર ચડાવી આ 'તર'નો જ મેં 'તમ' કર્યો છે. ઇતિ.

૮ જુલાઇ ૧૯૩૫ આપનો રવીન્દ્રનાથ ઠાકુર

(ત્રિપુરાના મહારાજકુમાર શ્રી બ્રજેન્દ્રકિશોર દેવશર્માને લખેલા)

બોલપુર

કલ્યાણીયેષુ,

મારે શરીરે ઠીક નથી. તમને કલબમાં દાખલ કરાવ્યા તે જાણી દુઃખ થયું. તમારે માટે એ પીડાદાયી છે તે હું બરાબર જાણું છું. આ પરદેશી જંગલીઓની અશિષ્ટ ઉદ્ધતતા અને કુત્સિત આચાર-વ્યવહાર અત્યંત દુઃખદાયી છે. ખાસ કરીને તેઓ આપણને ઇચ્છતા નથી, આપણી અવજ્ઞા કરે છે, ને તેમ છતાં આપણે એમની પાછળ પાછળ ભમતા ફરતા રહીએ તે આપણે માટે અપમાનકર છે. જેઓ આપણી સારી યે જાતિને તિરસ્કારે છે, આપણી ઘૃણા કરે છે તેઓ આપણું કઇ રીતે સન્માન કરી શકે? અને કરે તો આપણે એ સ્વીકારી પણ કઈ રીતે શકીએ? અપમાનિત જાતિ માટે આવા સાહેબોનો આદર સ્વીકારવાના પ્રયત્ન જેવું હીણું દૃશ્ય બીજું કંઇ હોઈ જ ન શકે. જે થાય તે સહન કર્યે જજો, અને મનમાં ને મનમાં નિજ સ્વાતંત્ર્યનું રક્ષણ કરતા રહેજો. આમ કરશો તો પ્રતિકૂલ સંજોગોમાં પણ તમે તમારૂં તેજ જાળવી શકશો. જે શીખવાનું હોય તે શીખો, જોવાનું હોય તે મૂગામૂગા જુઓ, ને જે સ્મૃતિમાં સાચવી રાખવાનું હોય તે સદાકાળ સાચવી રાખો. પરદેશીઓના મોહમાંથી ઈશ્વર તમને સદા બચાવો. ઈતિ શુક્રવાર. —શ્રી રવીન્દ્રનાથ ઠાકુર

કલ્યાણીયેષુ,

..... મનમાં દૃઢપણે માનજો કે ગરીબાઇ એ અપમાન નથી. લંગોટીમાં પણ લજ્જા નથી. ખુરશી-ટેબલ વગેરે સામાનના અભાવમાં લેશમાત્ર અસભ્યતા નથી. ધનસંપત્તિ, વ્યાપારવાણિજ્ય ને સામાન-ફર્નિચરની બહોળપને જ જેઓ સભ્યતાનું લક્ષણ કહેતા ફરે છે તેઓ જંગાલિયતને જ સભ્યતા કહી સ્પર્ધા કરે છે. શાંતિમાં, સંતોષમાં, મંગળમાં, ક્ષમામાં, જ્ઞાન અને ધ્યાનમાં જ સાચી સભ્યતા છે. સહિષ્ણુ બની, સંયમી થઈ, પવિત્ર રહી, નિજમાં જ નિજને સમાવી બહારના બધા જ શોરબકોર અને આકર્ષણને તુચ્છકારીને પરિપૂર્ણ શ્રદ્ધાપૂર્વક એકાગ્ર સાધના દ્વારા પૃથ્વીના પ્રાચીનતમ દેશના સંતાન થવા, પ્રથમતમ સભ્યતાના અધિકારી બનવા, અને પરમતમ બંધન-મુક્તિનો આસ્વાદ માણવા તૈયાર થાઓ. આશીર્વાદક

શ્રી રવીન્દ્રનાથ ઠાકુર

(કવિપત્નીના અવસાનાન્તે લખાએલો)

કલ્યાણીયેષુ, શાન્તિનિકેતન

તમારો પત્ર મળતાં મારૂં હૃદય સ્નિગ્ધ બન્યું ટાંચા દિવસ અહીં રહીને તમે એના સ્નેહાળ હૈયાનો પરિચય પામ્યા છો. એનો સ્વભાવ માતૃભાવે પૂર્ણ હતો, અને એ તમારી પ્રત્યે પોતાના બાળકની જેમ જ જોતી હતી. અહીંના વિદ્યાલયમાં તમે આવશો અને એની શુશ્રૂષા નીચે જ રહેશો એ વિચારે એ આતુરતાપૂર્વક તમારી રાહ જોતી હતી. એની પાસે રહેતાં તમને કદી યે માતાની ખોટ એક પળ માટે પણ ન સાલત, એ સંદેહ વિહીન છે.

ઇશ્વરે મને જે શોક આપ્યો છે તેને એ અફળ નહિ કરે. મને એ આ શોકરૂપી દ્વારમાંથી મંગલને માર્ગે આગળ ધપાવી ઉત્તીર્ણ કરશે.

તમારી કલ્યાણકામના મારા હૃદયમાં ચાલુ જ છે. તમે સર્વ વિઘ્ન, વિપત્તિ અને સુખદુઃખમાંથી પસાર થતાં માનવતાને માર્ગે આગળ વધતા રહો ને સ્વદેશહિતના કાર્ય માટે તમારા જીવનને તૈયાર કરો.

ઇતિ, ૧૮ માગશર, ૧૩૦૯ (બંગાબ્દ) શ્રી રવીન્દ્રનાથ ઠાકુર

(શ્રી હેમન્તબાલાદેવી પરનો પત્ર)

કલ્યાણીયાસુ,

ફૂલ વિષે તમે જાણવા ઈચ્છેલું; પણ ભાષામાં એને વર્ણવવાનો ઉપાય નથી. એક ફૂલ જ આ સાથે મોકલું છું. પરંતુ ટપાલખાતાના સિક્કા વડે જો એ દબાઇ જશે તો તમારા હાથમાં પહોંચશે ત્યારે એ હશે નિર્દય સાસુના ત્રાસે કરમાએલી નવવધૂ જેવું; ને એવી સ્થિતિમાં પોતાની ઓળખાણ એ જોઇએ એવી નહિ આપી શકે. વસંતના પ્રથમ સમાગમના આમંત્રણે આ ફૂલથી મારા બગીચાનો એ આખો યે છોડ લચી રહ્યો છે. એનાં કૂંળાં પાંદડાં સિંદુરવર્ણાં છે, એનો નીચેનો ભાગ સોનેરી છે, એનાં અજસ્ર ફૂલ વસંતની વીણામાં બાહાર રાગિણીની જેમ ઝણઝણી ઊઠયાં છે. અનિલમાં આવે છે સુગંધની ભીડ આ વખતે એક બીજી જાતનાં શ્વેત ફૂલ ગોળગોળ મંજરીઓમાં ડાળેડાળમાં ખીલી ઊઠયાં છે. અહીંના લોકોને એ વિષે પૂછતાં તેઓ કહે છે કે એ તો વગડાઉ ફૂલ છે, એના નામની અમને ખબર નથી. મેં એ અનાદૃતને જંગલમાંથી લાવીને બગીચામાં રોપેલું હવે એનો બદલો પામું છું. સૌન્દર્ય ને સુગંધમાં ઘણે દૂર સુધી એ પોતાની કૃતજ્ઞતા વિસ્તારે છે. મેં એનું નામ રાખ્યું છે 'વનપુલક'. એનાં ઝૂમખાં કેટલાંક રંગીન ફૂલોનાં જેવાં જ હોય છે. પણ આ ફૂલ જુદી જાતનું છે. એની સૌરભ મૃદુ છતાં વ્યાપક છે. એ વસન્તનાં પ્રથમ સંદેશવાહક છે ઋતુરાજના આગમનની છડી પોકારી રંગભૂમિ છોડીએ ચાલ્યું જાય છે નેપથ્યે. નાટકની નાન્દી જેવું છે એ. એકબે શ્લોકમાં જ કામ પતાવી એ વિદાય લે છે.

એને એક બીજી સહચરી છે, ને તે માધવી. ડાળેડાળમાં અંકુરિત થઈ એ દર્શન દે છે. વધુ દિવસ રહેતી નથી. સાસરવાસે આવેલી નવીનવી વહુ જેમ પિયર જવા ઉતાવળી થાય તેવી અધીરી છે એ. બીજા એક ફૂલે શિયાળો વીતે ન વીતે ત્યાં મારા બગીચામાં દર્શન દીધાં છે;—એ કંચન. એની પ્રગલ્ભતાનો પાર નથી. આખા છોડને ગજાવી મૂકતું એ જાણે ખડખડાટ હસી ઊઠયું છે. વનભૂમિમાં સહુ પહેલાં એનાં જ દર્શન થાય છે. અમારી શાલવીથિકા (જેની બંને બાજુ શાલવૃક્ષો ઊભાં છે તેવો માર્ગ) વસંતને વિદાયઅંજલિ અર્પે છે ત્યારે એ વૃક્ષો પર્ણો ખંખેરી ઉઘાડાં બની જાય છે, ને દક્ષિણાનિલને પથે પ્રસારિત કરી દે છે એની સઘળી યે સૌરભ. પણ આની સાથે જે આમ્ર-મુકુલ છે એને એ કબૂલ નથી. મહાની શરૂઆતથી જ એ અભિસાર શરૂ કરે છે. આ વખતે હિમ પડયાથી અને વાદળાંને અંગે એ મરવા જેવું થઈ ગયું છે. મધમાખોની મહેફિલ એ જગાવી નથી શકયું... રવીન્દ્ર-સંગીત શીખવનાર માણસ મળ્યાનું સાંભળી ડર લાગ્યો. એવા માણસો કલકત્તામાં છે એની મને ખબર નહિ. બગાડીને શીખવશે. તમારી પુત્રીને અહીં મોકલી દો; રવીન્દ્ર-સંગીતમાં ઉસ્તાદ બનાવી દઇશ. —દાદા

કસોટી

ઉકેલી ન શકો તો જવાબ પૃ. ૧૭૦ ઉપર આપ્યા છે.

(૧) શ્રી ચોકશી, શ્રી તંબોળી ને શ્રી દૂધિયા પોતાના ધંધામાં ચોકશી, તંબોળી કે દૂધિયા જ છે એવું કાંઇ નથી. શ્રી ચોકશી દૂધિયા નથી; અને જે વ્યક્તિ ખરેખર દૂધનો ધંધો કરે છે તેના નામનો ધંધો શ્રી દૂધિયા પણ કરતા નથી. તો તંબોળીનો ધંધો કોણ કરતું હશે ?

(૨) અનુ, તનુ અને મનુને મેં પહેલવહેલા જોયા ત્યારે તેમની ઉમરનું પ્રમાણ ૫ : ૨ : ૧નું હતું. આજે એમની ત્રણેની ઉમરનો સરવાળો મૂળ કરતાં ૯૦ વરસ વધી જાય છે, ને એમની ઉમરનું પ્રમાણ ૧૦ : ૭ : ૬ છે. તો તેમની અત્યારની ઉમર શી હશે ?

(૩) ઉત્તર ધ્રુવના બિંદુ પર ઊભો રહીને વિપીન પ્રાતઃકાળના સૂર્યને જોઈ રહ્યો છે; તો તેના જમણા હાથ તરફ કઈ દિશા, ડાબા હાથ તરફ કઇ અને પીઠ પાછળ કઇ દિશા હશે ?

(૪) હિંદના ઇતિહાસના કેટલાક નિર્ણાયક બનાવો આ નીચે આપ્યા છે; પણ તેની સામે આપેલી સાલનાં વર્ષો આડાંઅવળાં મૂકેલાં છે. તમે તે સાચા ક્રમમાં ગોઠવી શકશો ?

(ક) સિકંદરની ચડાઇ	ઈ. ૧૧૯૨
(ખ) હિંદી સ્વાતંત્ર્યનો બળવો	ઈ. ૧૭૫૭
(ગ) અકબરનો જન્મ	ઈ. ૧૫૬૫
(ઘ) પૃથ્વીરાજ પાણીપતમાં હાર્યો	ઈ. ૧૫૨૬
(ચ) કલાઇવ પ્લાસીની લડાઇ જીત્યો	ઈ. ૧૮૫૭
(છ) જહાંગીરે કંપનીને વેપારપટો આપ્યો	ઈ. ૧૪૯૮
(જ) વાસ્કો ડ ગામા હિંદને કિનારે ઊતર્યો	ઈ પૂ. ૨૭૩
(ઝ) બાબર પાણીપતમાં જીત્યો	ઈ. ૧૬૧૫
(ટ) મરાઠા પાણીપતમાં હાર્યા	ઈ. ૧૬૭૪
(ઠ) વિજયનગરનું સામ્રાજ્ય તૂટયું	ઇ. પૂ. ૩૨૬
(ડ) ચક્રવર્તી અશોક ગાદીએ આવ્યો	ઈ. ૧૫૪૨
(ઢ) શિવાજીનું રાજ્યારોહણ	ઈ. ૧૭૬૧

(૫) (अ) વાવટો અરધી કાઠીએ ઉતારેલો હોય તે શું દર્શાવે ? (ब) હિંદનું ત્રણ નદીઓના સંગમનું, અને ગુજરાતમાં સાત નદીઓના સંગમનાં તીર્થધામ કયાં કયાં ? અને તે કઇ કઇ નદીઓનાં ?

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

આ પત્ર મેળવનાર : ચન્દ્રકાન્ત ન. વૈદ્ય, હળદિયા શેરી, સગરામપુરા, સુરત

113, Sandpurst Rd. Kingsdury
LONDON, N. W. 9 (England)

પ્રિય ચન્દ્રકાન્ત,

સદા આવકારપત્ર તમારા ૨૨-૧-૪૬ના પત્ર માટે ઘણો આભાર. અરે ચન્દ્ર, 'જય હિંદ'નો અર્થ શો? એ કોઇ 'દિવસ'નું નામ છે?

...આ પત્ર તમને મળશે એ દરમ્યાન સર સ્ટૅફર્ડ ક્રિપ્સ વગેરેનું બ્રિટિશ સરકારી મંડળ હિંદ પહોંચી ગયું હશે . . . તમે એટલું ખ્યાલમાં રાખજો કે જૂની ચર્ચિલ સરકારે તથા તે પહેલાંની કૉન્ઝર્વેટિવ સરકારે મૂકેલી ઘણી ગૂંચો અમારી મજૂર સરકારે ઉકેલવાની છે; છતાં તેઓ બહુ જ સરસ કામગીરી બજાવી રહ્યા છે, અને મને આશા છે કે તેઓ હિંદને બહુ સરસ સહાય કરશે. અમારા દેશમાંના બીજા ઘણાની પેઠે મને અમારી મજૂર સરકારમાં ભારે શ્રદ્ધા છે. તેમણે ગયા વખતનું યુદ્ધપેન્શન વધારી દીધું છે; અને સરકારી કાબૂવાળી ઇસ્પિતાલો તથા બૅંકોના રાષ્ટ્રીયકરણના ધારા દાખલ કરવાના છે. એનો અર્થ એ છે કે દેશના ગરીબ-તવંગર સૌને દાક્તરી સારવારનો હક મળશે. મારા મત મુજબ અમારા દેશમાં જો કોઇ એકમાત્ર દૂષણ હોય તો તે ગરીબ-તવંગર વચ્ચેનો ભેદ છે . . . કમભાગ્યે હજીયે અમારે ત્યાં ને બીજા દેશોમાં—ખાસ કરીને અમેરિકામાં ઘણા લોકો એવા છે જેઓ, એ માત્ર મજૂર સરકાર છે એટલા જ માટે તેના તરફ પૂર્વગ્રહ રાખે છે ને તેને ઉથલાવી પાડવાને બહાર પડ્યા છે. તેમ છતાં અમારા દેશની જનતા તો બધી નવી સરકારના પક્ષમાં છે . . . એટલે મને આશા જ છે કે સરકારને પોતાના પુરોગામીઓ કરતાં વધારે સારો અમલ કરી બતાવવાની વ્યાજબી તક આપવામાં આવશે . . .

તમે મને મિસિસ મ્યૂરિયલ નિકૉલ, મિ સૉરેન્સન અને ક્લેમેન્ટ ઍટલી વિષે પૂછ્યું છે. એમાંનાં પહેલાં બે વિષે હું કશું નથી જાણતી, પણ બીજા પત્રમાં હું તમને લખવાજોગી માહિતી મેળવી કાઢીશ. મિ. ઍટલી સુશિક્ષિત માણસ છે (ધારું છું કે એ કૅમ્બ્રિજ યુનિવર્સિટીમાં ભણેલા.) તે ભદ્રલોકમાંથી આવે છે, અને તેમના ધંધાને કારણે (એ સૉલીસીટર છે) શ્રમજીવીઓના સંપર્કમાં નહોતા આવ્યા ત્યાં સુધી કન્ઝર્વેટિવ પક્ષના હતા. પણ મજૂરોનું જીવન જોઇને તે એટલા તો મજે આવી ગયા કે ધંધોધાપો બધું છોડી દઇને પાર્લમેન્ટમાં મજૂરોના પ્રતિનિધિ થઇને ગયા. મારા મત મુજબ તો એ એક મહાન નર છે. અમુક માણસો જેવું વ્યક્તિત્વ ભલે એનામાં ન હોય, છતાં એ પોતે એક મહાન વ્યક્તિ છે. . . .

હમણાં તો આટલું બસ લાગે છે, એટલે અલ વિદા—ચન્દ્રકાન્ત !

તમારી સહૃદયી, બેરિલ

નવાં પત્રમિત્રો

નીચેનાં સરનામાં પૈકી આફ્રિકાવાસી તથા બીજાઓ હિંદીમિત્રોસાથે પણ હિંદી, અંગ્રેજી કે ગુજરાતીમાં પત્રવ્યવહાર કરવા ઈચ્છે છે.

(૧) Miss M. Milne, 27 Muirton Place, PERTH (Scotland) (૨) એસ. કે. મેઘાણી, પો. બૉ. ૧૮૩૬, નાઇરોબી (કેન્યા); (૩) કનુભાઈ ભોગીલાલ શાહ, બી. એ., ૪થો માળો, દુર્ગા મૅન્શન, નવી વાડી, મુંબાઈ; (૪) સૈફુદ્દીન મ દરબાર, પો. બૉ. ૧૬૨, મોમ્બાસા (બ્રિ. ઇ. આ.); (૫) શાંતિલાલ અ. ઘેલાણી, કૃષ્ણ કલૉથ સ્ટોર્સ, બિલાસપુર (સી. પી.); (૬) શાંતિલાલ ના. શાહ, ૯૯-૧૦૧ મુંબાદેવી રોડ, ત્રીજે માળે, મુંબાઇ-૩; (૭) મૂળજી કાનજી પલણ C/o ઠા. કાનજી મગ્ના, દાણા માર્કેટ, માંડવી (કચ્છ); (૮) એમ. એ. કપાસી, મોદીવાડ જામનગર; (૯) પ્રવીણકાન્ત પી. શાહ, શ્રીનાથજી કુંજ, ગેંડીગેટ, ચોખંડી, કોર્ટકોટ વડોદરા.



૫૬—ડર્બન

દક્ષિણ આફ્રિકાના એશિયાઇ વસાહતીઓ સામે ત્યાંની સરકારે પસાર કરેલા કાળા કાયદાનો પ્રતિકાર કરવા હિંદીઓએ જે સત્યાગ્રહની લડત ઉપાડી છે તેનું મુખ્ય થાણું બનેલું આ શહેર, હજી ઈ.૧૮૨૪માં તો, હાથીના થોડા બ્રિટિશ શિકારીઓએ વસવાટ માટે નાખેલી નાની છાવણી જ હતી. એમાંથી વિકસીને માત્ર સવાસો વરસમાં તે આજે નાતાલનું મોટામાં મોટું ધીકતું બંદર અને વ્યાપારી પાટનગર બની ગયું છે. દક્ષિણ આફ્રિકાના યૂનિયનમાં માત્ર જોહાનિસબર્ગ અને કેપટાઉનથી જ તે ઊતરતું ગણાય છે. ૧૮૨૪ના નાતાલના ગવર્નર બેન્જામિન ડી. અર્બન ઉપરથી તેનું નામ પડેલું.

ડેલાગોઆના અખાતથી પૂર્વલંડન સુધીના દરિયાઈ માર્ગ પરનું આ એકમાત્ર અગ્રણી બંદર, માનવી પુરુષાર્થ ને ઈજનેરી વિજ્ઞાનનું સર્જન છે. પહેલાં મૂળ તો ત્યાં, દરિયાના અખાત આડે કાળાંતરે જમા થએલી રેતીની પાળથી ખારા પાણીનું એક છીછરું સરોવર બંધાઈ ગએલું રેતીના એ ભાઠા આડે ૨૦૦૦ ફૂટ લાંબી પાકી દીવાલ ચણી લઈ તેના પર ડક્કો બાંધી દીધો અને સરોવરને ગાળીને મોટી સ્ટીમરો નાંગરવા યોગ્ય બનાવી દીધું.

પ્રવેશ દ્વાર આગળથી અંતરાળમાં ઉત્તર તરફ શહેરનો વ્યાપારી લત્તો વિસ્તરે છે ને 'વેસ્ટ સ્ટ્રીટ' નામની તેની મુખ્ય બજારમાં જંગી દુકાનો, થીએટર ને છેડા પર ટેકનિકલ કૉલેજ આવેલાં છે. આંતર પ્રદેશમાં દોડતી રેલવે ટ્રેનોનું ટર્મિનસ સ્ટેશન પણ એ કેન્દ્ર ભાગે જ છે. એ વ્યાપારી કેન્દ્રથી એક ખડકાળ ધાર ધીમે ધીમે ઊંચી થતી થતી ઉત્તરમાં છેક ઉમગે નદી સુધી જાય છે, જ્યાં આવેલી પત્થર ને કાંકરીની ખાણોમાંથી જ ડર્બનનાં બધાં મકાનો તથા પેલો દરિયાઈ બંધ બાંધવામાં આવેલાં છે. એ ખડકની ધારના ઉચ્ચ પ્રદેશ પર, દરિયાની સન્મુખ લહેરો લેતો, રૂપાળાં મકાનો ને ઘોડાનાં મેદાનોવાળો તથા ફળફૂલથી લચી રહેલા નાના બગીચાઓવાળો વસાહતી ગોરાઓનો સુંદર લત્તો પથરાએલો છે. ત્યાં હૉટેલો, સ્નાનગૃહો, બૅન્ડસ્ટૅન્ડો ને હરવાફરવાનાં કુશાદે સ્થળો આવેલાં છે; કેમકે દક્ષિણ આફ્રિકાના અંતરાળના ડુંગરાળ પ્રદેશો પર શિયાળામાં બરફ પડે છે ત્યારે દરિયાની હૂંફની ગરમ હવાવાળા ડર્બનમાં રજા ગાળવા માટે ઘણા ઊતરી આવે છે. માત્ર દોઢેક લાખની વસ્તીના આ શહેરમાં યુનિવર્સિટી કૉલેજ પણ સ્થાપવામાં આવી છે.

મુખ્યત્વે બંદરી વેપાર ઉપરાંત ડર્બન વ્હેલના શિકારનું અગત્યનું કેન્દ્ર અને મકાઈ કોલસા તથા ઊનના નિકાસનું મુખ્ય ક્ષેત્ર છે.

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો ——— લેખક

[૨૮]

ડૉ. હરિપ્રસાદ વ. દેસાઈ

ગરબા મને હમેશાં ગમે છે. બાળાઓનો ઉત્સાહ, વિધવિધ રંગોનાં વસ્ત્રપરિધાન, મંડપોની રચના અને પ્રકાશ, ગતિ અને તાલ, ગીતમાધુર્ય અને સૌંદર્ય, ઇત્યાદિની ત્યાં રેલમછેલ હોય છે. સામાજિક જીવનનાં હર્ષશોક, આશાનિરાશા અને સ્ત્રીહૃદયની ઝંખનાઓ તથા આદર્શો સાચી લાગણીપૂર્વક એ ગરબાઓમાં જેવાં રજૂ થાય છે તેવાં બીજે ક્યાં યે થતાં નથી. એમાં દિનપ્રતિદિન નૃત્ય ને અભિનયના તથા કાવ્યતત્ત્વ ને સંગીતના વિકાસ થતા રહ્યા છે અનેક જાતના શ્રમપૂર્વક–સફળ નિષ્ફળ પ્રયોગો ઉલ્લાસભરી રીતે ગરબાઓમાં થતા મેં ઘણા જોયા છે ને અભિનંદન આપ્યાં છે.

ડાકોરમાં તો એક ગરબાઉત્સવની સમાપ્તિ વખતે મેં પ્રમુખસ્થાનેથી બાળાઓને કલ્પનાની કોઈ બુલંદ ભૂમિકાએથી પૂછ્યું હતું કે તમે કોણ છો અને આ મર્ત્ય લોકમાં ક્યાંથી આવ્યાં છો? ચંદ્રલોક કે નક્ષત્રની કોઈ દિવ્ય ભૂમિમાંથી તો તમે નથી આવ્યાં?

અમદાવાદની સાહિત્ય પરિષદ વખતે ખાસ યોજાએલા ગરબાઓ તથા ત્યાંનાં સાઠોદરા નાગર સન્નારીઓના ગરબા મને હંમેશાં સર્વશ્રેષ્ઠ જણાયા છે. અને એ ચાંદની રાતો, એ ફૂલો, એ કાવ્ય અને એ રૂપ તથા ગીતની માધુરી મારા જીવનનાં મીઠાં સંભારણાં છે.

શેઠ અંબાલાલ સારાભાઇને ત્યાં એમની કલાશાળાના એક મણિપુરી શિક્ષકે એમની એક પુત્રીની મદદથી

પુરનો મોરલો, હો રાજ !
પુરમાં થનગન થનગન નાચે
પુરનો મોરલો હો રાજ !

એ કવિવર નાનાલાલનું ગીત જ્યારે નૃત્ય દ્વારા પ્રદર્શિત કર્યું ત્યારે આ ગરવી ગુજરાત અને એના મોરોની વચ્ચે મને મળેલા માનવ જીવનની ધન્યતા મને સાકાર થઈ હતી અને તે માટે મેં પ્રભુનો ઉપકાર માન્યો હતો.

બેન શકુંતલા દ્વિવાને એક યુવક સંમેલનને પ્રસંગે મહાત્માજીની હાજરીમાં મીરાંબાઈનું

તુમારે કારન સબ સુખ છોડિયા
અબ મોહે, ક્યું તલસાવો?
અબ છોડિયા નહિ બોને પ્રભુજી
તબ ચરન કે પાસ બુલાઓ, પ્રભુજી !

નૃત્યમાં પ્રદર્શિત કર્યું હતું ત્યારે હરિરસના દિવ્ય પૂરમાં હું જાણે તરતો હતો.

ઉદયશંકરને સિરૂકીનાં નૃત્યોથી તો ભારતીય દેવો અને દેવીઓને (એટલે કે પ્રભુની અવ્યક્ત શક્તિઓ ને ગુણોને) એમના મોહક તાલમય સ્વરૂપે પ્રત્યક્ષ થતાં જોયાં છે અને એ સાક્ષાત્કાર એટલો અસરકારક થયો છે કે એ ક્ષણિક નહિ પણ અમર બની ગયો છે.

જ્યારે એનાં રાધા અને કૃષ્ણ પશ્ચાદ્ભૂમિના સંગીત સાથે નૃત્ય કરે છે ત્યારે સમગ્ર સૃષ્ટિ એમાં ઓતપ્રોત થએલી ચૈતન્ય પ્રભુ સાથે આનંદસાગરમાં ઝોલાં ખાતી મેં જોઇ છે.

એના શિવ જ્યારે સતીવિયોગથી સમાધિ ચડાવીને બેસે છે, અને સૃષ્ટિ ધણી વગરનાં ઢોર જેવી આસુરી બળોથી ઘેરાઈ રહે છે ત્યારે દૈવી સંપત્તિઓ અસહાય ગ્લાનિમાં ડૂબી જાય છે. પછી શિવ ધીમેધીમે જાગે છે, નીતિ, ધર્મ ને કલ્યાણમય યોજનાઓને હાથમાં લે છે અને સર્વત્ર જયજય મંગળ પ્રવર્તી રહે છે એ વખતે તત્ત્વજ્ઞાનમાં કવિતા તથા સંગીત ભળે છે ને સત, ચિત્ત તથા આનંદની નિયતિનાં રસમય દર્શન અનુભવાય છે.

ક્ષાત્રતેજનાં દર્શન કરાવતું એમનું ઉદયપુરના વીરોનું નૃત્ય અને યંત્રયુગની કઠોરતા તથા શુષ્કતા નિરૂપતું સાંચો ને કારખાનાંનાં જીવનનું નૃત્ય સચોટ છે. અર્જુન, ઇન્દ્ર અને અપ્સરાનાં એમણે યોજેલાં નૃત્યો એ બળ, સત્તા, સૌન્દર્ય ને ભક્તિને જેવાં જીવન સાથે આત્મસાત્ કરી આપે છે તેવાં બીજી કોઈ કળાએ આજ સુધી કદિ કર્યાં જાણ્યાં નથી

એમના કલાકેન્દ્રમાં થોડો વખત રહેવાનું સદ્ભાગ્ય મને આલમોડામાં મળ્યું હતું, ત્યારે, દેવદારુ વૃક્ષોની ઘટા નીચે, ત્યાંના ઉસ્તાદજીએ સરોદના તંતુવાદ્ય પર અમારા અંતર્યામીને બેસાડીને એવી વ્યોમયાત્રા કરાવી છે કે મેં એબરફનાં શિખરોની સમીપ

'નહિ એસો જન્મ વારંવાર'

એ મીઠી અસંખ્ય વાર ગાયા કરી છે... અને હજી ગાયા કરૂં છું.

મજૂરોની એક સભા હતી. યંત્રો અને કારખાનાં વચ્ચે જીવન ઘસી નાખનાર સ્ત્રી-પુરુષોને નવે અવતારે મહાત્માજીએ આણ્યાં હતાં. મૂડીદારો સામે માનવતાના વિજયનો એ ઉત્સવ હતો. ધ્વનિવર્ધક યંત્રો પહેલી જ વારત્યારે અમદાવાદમાં પ્રચલિત થયાં હતાં.

એવી એ વિરાટ સભામાં સ્વ. નારાયણ મોરેશ્વર ખરેએ સભાનું ઉદ્ઘાટન કરતાં ગાયું:

દિલમાં દીવો કરો રે દીવો કરો.
કૂડા કામ ક્રોધને પરહરો રે,
દિલમાં દીવો કરો.

એ ગીત ગવાયા પછી મોટી ઉમરના એ અભણ પ્રેક્ષકોને વિશેષ કાંઇ જ ભણાવવાનું બાકી રહ્યું નહોતું.


મહાલક્ષ્મી ફીમેલ ટ્રેનિંગ કૉલેજમાં ઘણાં વર્ષ સુધી એક પંચાક્ષરી સંગીતમાસ્તર હતા પ્રીતમભાઈએ ઘણા કલાપ્રેમીઓને એકઠા કરી એક રાત્રિએ ઉત્સવ કર્યો હતો. રાતના બાર વાગતાં સુધી તો પંચાક્ષરી કંઈ ગાવાની જ ના પાડતા હતા; પણ પછી જ્યારે વાતાવરણ શાન્ત થઇ ગયું અને શ્રોતાજનોનાં હૃદય પૂરેપૂરાં તરબોળ થયાં લાગ્યાં ત્યારે વગર માગ્યે પંચાક્ષરીએ ઉપાડ્યું કે

પ્યાસી!...
અખિયાં હરિ દરસન કી પ્યાસી.
દેખો ચાહત કમલ નયન કો
નિશદિન રહત ઉદાસી– અખિયાં૦
આયે ઉધો ફિરી ગયે આંગન
ડાલ ગયે ગર ફાંસી–અખિયાં૦

મધુર આલાપ સાથે શ્રોતાજનો ડોલતા હતા. શુદ્ધ શાસ્ત્રીય ઢબે અને પૂર્ણ ભાવ સાથે પંચાક્ષરીએ ઉપરાઉપરી તાન અને પલટા લીધા, છતાં માધુર્યનું કે પ્રિયમિલનની આરઝૂની તૃષાનું એમાંનું મીઠું દુઃખઘડીભર હૃદયમાંથી ખસ્યુ નહોતું, ઉલટું વધારે ને વધારે ઘૂંટાતું જતું હતું એ પંચાક્ષરીને દેવલોક થયે પણ આજે તો ૧૦-૧૫ વર્ષ થઇ ગયાં છે; પણ મને તો સંગીત એ પાંચમો વેદ છે એની એ પ્રતીતિ કરાવીને ગયા છે. (ચાલુ)

કસોટાના જવાબ

(૧) શ્રી ચોકશી (૨) ૬૦,૪૨,૩૬ (૩) ઉત્તર ધ્રુવ ઉપર બધી જ દિશાઓ દક્ષિણ ગણાય (૪) (ક) ઈ. પૃ ૩૨૬ (ખ) ૧૮૫૭ (ગ) ૧૫૪૨ (ઘ) ૧૧૯૨ (ચ) ૧૭૫૭ (છ) ૧૬૧૫ (જ) ૧૪૯૮ (ઝ) ૧૫૨૬ (ટ) ૧૭૬૧ (ઠ) ૧૫૬૫ (ડ) ઇ પૃ. ૨૭૩ (ઢ) ૧૬૭૪ (૫) (અ) શોક; (બ) ગંગા, યમુના ને સરસ્વતીના સંગમસ્થાનવાળું પ્રયાગ; સાબરમતી, હાથમતી, મોર, શેઢી, ખારી, મેશ્વો ને વાત્રક એ સાત નદીઓનું સંગમસ્થાન વૌઠા.



માધુકરી

છે યુદ્ધ તો જગવવું; પણ પ્રેમ રાખી !
લોહી લીધા વગર લોહી દઇ જ દેવું !
જેને જનો જગતમાં નબળાઇ કહેતાં
તેમાં જ છે તુજ થવું પુરુષાર્થ, વ્હાલા ! —કલાપી

સ્વ. વસંતરાવ્ હેગિષ્ટે

આજથી ૧૫ વરસ પર કાનપુરનાં કોમી રમખાણને શમાવવામાં પોતાની જાતને હોમનાર ભારતકીર્તિત ગણેશશંકર વિદ્યાર્થીની શહીદીને સ્મરાવે એવી શહીદી ગઇ તા. ૧લી જુલાઈના રોજ અમદાવાદમાં વ્યાપેલી કોમી રમખાણની આગને બુઝાવવા જતાં બલિ બનેલા બે હિન્દુ-મુસ્લિમ બિરાદરો સ્વ. વસંતરાવ હેગિષ્ટે અને રજબઅલી લાખાણીના આત્મવિલોપને કરી. સ્વ. વસંતરાવે એમના આખા જીવન દરમ્યાન એમના મૃત્યુની જેમ જ આત્મવિલોપન સાધ્યું હતું. કૅાંગ્રેસના મૂક અને મોઘા કાર્યકર તરીકે એમની સુવાસ કેવળ અમદાવાદમાં જ નહિ પણ ગુજરાત આખામાં ફેલાએલી હતી. પ્રકાશમાં આવવાની લેશ પણ વૃત્તિ નહિ, સત્તા કે દેખાવની પાછળ દોડવાનું નહિ, અને છતાં કૅાંગ્રેસનું એક પણ કાર્ય એવું નહિ હોય કે જેમાં વસંતરાવ મોખરે નહિ હોય. 'વસંતરાવ દાદા'ના વ્હાલસોયા નામથી સૌકોઈના તે પ્રીતિપાત્ર થએલા.

આજથી ૮૦ વર્ષ પર અમદાવાદમાં આવીને બુકસેલરની જૂની અને જાણીતી પેઢી નાખનાર મહારાષ્ટ્રીય વૈશ્ય મહાદેવ રામચન્દ્ર જાગુષ્ટેના કુટુંબમાં, તેમની એકની એક પુત્રીને ત્યાં વસંતરાવનો જન્મ ઈ. ૧૯૦૬ના મે માસની ૧૯મી તારીખે થએલો. તેમના પિતા હરિશ્ચન્દ્રરાવ હેગિષ્ટે તાર ખાતામાં સરકારી નોકર હતા. વસંતરાવને તેર વર્ષના મૂકીને એ ગુજરી ગયા ત્યારથી તે પોતાના બે ભાઇઓ અને ત્રણ બહેનો સાથે મામા ગોવિંદરાવ જાગુષ્ટેની મીઠી છાયા તળે ઉછરીને મોટા થયા.



સ્વ. વસંતરાવ ('પ્રબંધુ'ના સૌજન્યથી)

નાનપણમાં તેમનું શરીર માઇકાંગલું હતું. મિત્રો અને સગાંઓની મશ્કરીઓથી ઉત્તેજિત થઈ તેમણે સુદૃઢ બનવાનો નિશ્ચય કર્યો. અમદાવાદમાં એ કાળે અંબાલાલ પુરાણીએ કસરત સાથે સેવાના આદર્શનો સમન્વય કરીને એડવા માંડેલી નવી જ દૃષ્ટિની વ્યાયામપ્રવૃત્તિ પાંગરતી હતી. લેમિંગ્ટન બામ્બ કેસવાળા શ્રી વૈશંપાયન પણ ભદ્રમાં રહી એ વેળા યુવાનોને ક્રાંતિકારી વાચન કરાવતા અને ઉદ્બોધન આપતા. એમના સંપર્કથી વસંતરાવે જીવનમાં દેશસેવાના આદર્શો ઘૂંટ્યા અને વ્યાયામપ્રવૃત્તિમાં પલોટાઇને પોતાના એ નિર્માલ્ય શરીરને એવું તો 'બનાવ્યું કે ૧૯૨૬-

આ માસ (જુલાઇ)નું પંખી



શૌબીગી

ગુજરાતમાં હમેશાં વસનારૂં છતાં આપણી ભાષામાં જેનું નામ નથી મળતું (શૌબીગી એ હિંદી નામ છે) એવું, માત્ર ચારેક આંગળનું આ પંખી હોય છે તો ચકલીથીયે નાનું, પણ મોહક રૂપ અને મીઠા સ્વરનો સંયોગ જેવો એના દેહમાં થયો છે એવો કોઇક જ પંખીમાં હશે. ઉપલો ભાગ–માથું, પીઠ, પાંખો, પૂંછડી–બધું ચળકતા ઘેરા કાળા રંગનું; એમાં ભાત પાડતા પાંખોમાં બે શ્વેત પટા; અને નીચલો ભાગ–ગળું, છાતી, પેટ—ખુલ્લા પીળા રંગનાં. ઉનાળો આવે કે એના દેહમાંથી આકર્ષક રંગની છોળો ઊડે છે અને એના કંઠમાં ગીતની મસ્તી પરાકાષ્ઠાએ પહોંચે છે, જે ઠેઠ ઑગસ્ટ સુધી રહે છે.

સ્વભાવે હળવું બોલનારૂં, પણ ગ્રીષ્મમાં એના સંવનનકાળે તો કોકિલની મસ્તી એના કંઠમાં આવે છે. શામા ને દૈયડ જેવાં ગાયકશિરોમણિ પંખીઓમાં એને સ્થાન અપાવનાર એ ગાનના ઉચ્ચારને શબ્દસ્થ કરવા કઠણ છે. એની બોલીમાં ઘણી વિવિધતા છે, છતાં એનું પ્રિય ગાન ચાર પદી છે. ૧-૨-૩-૪, એમ એક પછી એક ધીમી સાદી, પા કે અરધી ક્ષણને અંતરે મારતો જાય: સી-સી-સી-સી ! તમને મોઢેથી સીસોટી મારતાં આવડતી હોય તો 'બ-ચુ-ક્યાં-ગ્યો ?' એ પદને સીટીમાં ઉતારવાથી શૌબીગીના ગાનની આબાદ નકલ કરી શકશો.

આપણા ગુજરાતના સ્થાયી અધિવાસી આ પંખીને આપણે તો ઓળખતા યે નથી, જ્યારે ઉત્તર-પૂર્વ હિંદમાં તો ઘણા એને એના ગાન માટે પાળે છે. પણ આ મૃદુ પંખી બંધનના આઘાતમાં કવચિત જ જીવે છે.–હ૦

૨૭માં વસંતરાવના શરીરને જોવું એ એક લ્હાવો હતો. અંગકસરતના, કુસ્તીના અને સરકસના પહેલવાનો કરે છે તેવા મોટર અટકાવવાના ને પત્થર તોડવાના પ્રયોગો પણ તે કરતા.

આ શારીરિક વિકાસની સાથે તેમનો મનોવિકાસ પણ ઉન્નતગામી જ થતો રહ્યાં હતો અને સેવા તથા આત્મસમર્પણની ભાવના તેમનામાં વિકસવા લાગી હતી. એટલે ૧૯૨૧માં ગુજરાત વિદ્યાપીઠમાંથી વિનીત બનીને એ ગામાની સાથે વેપારમાં જોડાયા ત્યારે એમાં એમનું ચિત્ત ચોંટ્યું નહિ અને વ્યાયામપ્રવૃત્તિ તથા જાહેર સેવાના કાર્યમાં જ રત રહેવા લાગ્યા. ભદ્રની આજની પૂર્ણ વિકસિત વ્યાયામશાળા વસંતરાવની જ શક્તિ અને સાધનાનું ફળ છે. અમદાવાદ વ્યાયામ મંડળ અને ગુજરાત વ્યાયામ મંડળના પણ આદ્ય સ્થાપકોમાંના તે એક અને પહેલી સંસ્થાના તો છેલ્લાં ત્રણ વર્ષથી તે લાગટ પ્રમુખ હતા.

૧૯૩૦માં ઊપડેલા રાષ્ટ્રીય સત્યાગ્રહે તેમને વિશાળ ક્ષેત્ર આપ્યું. ધરાસણા ઉપર મીઠા માટે હલ્લો લઈ જનાર પ્રથમ ટુકડીના તે આગેવાન હતા. ત્યાંની ગંભીર ઈજામાંથી તે બચ્યા એ પણ એક ચમત્કાર જ હતો. તે પછી '૩૧, '૩૨, '૪૧, '૪૨ એ બધા સ્વાતંત્ર્ય-સંગ્રામોમાં તે મોખરે રહ્યા, ને કદાચ કોઈપણ ગુજરાતી કરતાં વધારે જેલયાત્રાઓ કરી. આ જેલ પરંપરાએ અને મૅલેરિયાના સંખ્યાબંધ હુમલાએ એમના કસરતી બદનને પણ તોડી નાખ્યું.

જેલ બહારનાં વર્ષો દરમ્યાન તેમણે સતત જનસેવાકાર્ય જ કરેલું. વ્યાયામ, કૉંગ્રેસનું સેવાદળ, ગ્રામોદ્ધાર, સંઘરચના, પ્રૌઢ શિક્ષણ અને મુસ્લિમ આમ સંપર્ક, એકેએક ક્ષેત્રમાં એમણે ઉજ્જ્વળ કાર્ય કર્યું છે. ગાંધીવાદનો એમણે ઊંડો અભ્યાસ કરી તે પચાવ્યો હતો. માનવતાના ભલાને ખાતર તથા સત્યને ખાતર સેવેલી માન્યતાઓને સદા જીવનમાં ઉતારનાર, ને બીજાઓ પોતાની ફરજ બજાવતા હોય કે ન હોય, તે ધ્યાનમાં લીધા વિના પોતાની ફરજ અવિરતપણે બજાવ્યે જનાર ગણીગાંઠી વ્યક્તિઓમાંના એક તે હતા.

આજના સંજોગોમાં તેમની મુસ્લિમ સંપર્કની પ્રવૃત્તિ ખાસ નોંધપાત્ર છે. પં૦ જવાહરલાલે મુસ્લિમ આમસંપર્ક માટે અનુરોધ કર્યો કે એમણે એ કામ ઉપાડ્યું. અમદાવાદના પઠાણ વિસ્તારોમાં એ ફરતા. સરહદની વિકરાળ લાગતી એ કોમોની વચ્ચે ફરવું એ આસાન કામ ન હતું. શરૂમાં તો એ લોકો વસંતરાવનો ઈતબાર પણ ન કરતા. એક દિવસ એક પઠાણે સૂચવ્યું કે આ અમારા પ્યાલામાંથી પાણી પીઓ તો અમે તમારા પર યકીન મૂકીએ. વસંતરાવે ચુપચાપ પ્યાલો ઉઠાવી મોંએ અડાડી દીધો. પઠાણોએ તુરત તેમને વધાવી લીધા. તે વરસે કૉંગ્રેસમાં ૧૫૦૦ થી ૨૦૦૦ મુસ્લિમો સભ્યો થયા હશે.

જેલમાં એક અટકાયતી કેદી ઉમરખાને આદરેલા આમરણ ઉપવાસ વખતે, ઉપવાસના કારણમાં વજૂદ ન હતું છતાં, વસંતરાવે તેમને સાથ આપેલો. એમણે કહ્યું કે 'આપણે હજારો હિંદુ કૉંગ્રેસીઓ વચ્ચે એ એક મુસ્લિમ મરે અને કોઈ હિંદુ સાથ પણ ન આપે તો આપણી કેવી હાંસી થશે? હું એમના વિચારો સાથે સંમત ન થતો હોઉં તોપણ મને લાગે છે કે હિંદુ-મુસ્લિમ ઐક્ય ખાતર મારે મારી જિંદગી ધરવી જોઈએ.' આ આગ્રહ, અને દેશના કોમી ઐક્ય માટે જોખમ વહોરવાની ઊંડી પ્રતીતિ જ તેમને સ્વેચ્છાથી હુલ્લડના ભયવિસ્તારમાં ખેંચી ગઈ. તે અગાઉ, એ છેલ્લા દિવસે પણ એમણે મુસ્લિમોને બચાવ્યા હતા.

જીવનપર્યંત અપરિણિત રહેવાનો સંકલ્પ કરીને સતત દેશકાર્યમાં જ રત રહેનારા વસંતરાવ માત્ર યંત્રવત્ કાર્યકર્તા ન હતા. કાર્યની સાથોસાથ અભ્યાસ પણ ચાલુ હતો. વ્યાયામ, શરીરશાસ્ત્ર, આહારશાસ્ત્ર, નિસર્ગોપચાર વગેરેમાં કરેલા અમલી પ્રયોગો તેમજ લેખન બંને કાર્યથી એ જાણીતા છે. જેલમાં તેમણે વૈદ્યકીય અને આરોગ્યવિષયક શબ્દોનો કોષ તૈયાર કરવા માંડેલો ને લગભગ પૂરો કરેલો.

વસંતરાવનું સમસ્ત જીવન લિંકનના અમરસૂત્ર 'With malice towards none' (કોઇના યે પ્રતિ દ્વેષભાવ વિના)થી રંગાએલું હતું. એ વ્યાયામવીરની મર્દાનગી અસૂયાથી મુક્ત હતી.

શું પ્રયોગમાં કે શું પ્રવૃત્તિમાં, તેમનો સત્ય તરફનો દૃઢ અનુરાગ પ્રતીત થયા વિના ન રહેતો. જાગૃત મનોવ્યાપારમાં કશીયે સ્પૃહા ન રહે, લાલસા ન રહે, એ જોવાનો એમનો દૃઢ પ્રયત્ન એમના જીવનને વધુ ને વધુ ઉચ્ચતા તરફ પ્રેરતો જતો હતો. એ જીવ્યા હોત તો કદાચ ગીતાએ બોધેલા અનાસક્ત જીવનનું પ્રતીક આપણને જોવા મળત. ગુજરાત પાસે આજે તો એવા એક રવિશંકર મહારાજ માત્ર રહ્યા છે. ગુજરાત કેવું ગરીબ બનવા માંડ્યું છે!

વેદકાળની સરસ્વતીની માફક એમનું જીવન આજે ભલે લોહી તરસી પાશવતાથી સૂકી થએલી ધરતીમાં વિરામ પામ્યું; પણ એ સરસ્વતીની માફક રણને પણ તેમના જીવને હરાવ્યું છે. અને ટાગોર કહે છે તેમ, મરુ પંથે જતી નદીનું જીવન અફળ નથી જ જવાનું

(શ્રી મ. વા. માવળંકરના તથા 'ગુજરાત સમાચાર'માંના લેખો પરથી)

ફિલિપ્પાઈન્સ

આજ સુધી અમેરિકન કબજાગીરીની અસરમાં રહેલા ફિલિપ્પાઈન્સ ટાપુઓનું રાજ્ય ગઈ ૪થી જુલાઈ (અમેરિકાના સ્વાતંત્ર્યદિનની તારીખ)થી સંપૂર્ણ પ્રજાસત્તાક બને છે. અમેરિકાએ આજથી દસ વર્ષ પહેલાં તેનું વચન આપ્યું હતું. પાંચ દાયકા પહેલાં ૧૮૯૮ના સ્પૅનિશ-અમેરિકન વિગ્રહને અંતે અમેરિકાએ આ ટાપુઓ પર કબજો સ્થાપ્યો ત્યારથી જ તેને સ્વતંત્રતા આપવાનું ધ્યેય નક્કી કર્યું હતું.

પશ્ચિમ પાસિફિકમાં આવેલા આ ટાપુઓ ઇ. ૧૫૨૧માં, શોધસફરી મૅગેલને શોધેલા. તેનું ક્ષેત્રફળ બ્રિટિશ ટાપુઓ કરતાં સહેજ ઓછું છે. ફિલિપ્પાઈન્સ ટાપુઓ બધા મળીને અંદાજે ૭૦૦૦ જેટલા છે, પરંતુ તે પૈકીના માત્ર ૨૭૭૩ ટાપુઓનાં જ નામ પડેલાં છે; ને ફક્ત ૪૬૨ ટાપુઓને જ એક માઈલથી વિશેષ ક્ષેત્રફળ છે. સૌથી મોટા ટાપુ લુઝોનમાં રાજધાનીનું શહેર મનીલા આવેલું છે. જાપાનીઓએ આ ટાપુઓ કબજે કરીને એશિયાના સમગ્ર પૂર્વ કિનારાનું રક્ષણ કરતી એક સંરક્ષણ દીવાલ રચવાનો પ્રયાસ કર્યો હતો.

ટાપુઓ બધા ડુંગરાળ છે અને મોટા ટાપુઓમાં તો અગાઉ જ્વાળામુખીઓ હોય તેવી ડુંગરોની લાંબી હારમાળાઓ આવેલી છે; જેમાંની કેટલીક ૧૦,૦૦૦ ફૂટ જેટલી ઊંચી છે. આ ટાપુઓમાં મોટી નદીઓ ઓછી છે, પરંતુ નાનાંનાનાં ઝરણાં ઘણાં છે.

૧૯૩૯ની ગણત્રી વેળા ફિલિપ્પાઈન્સની વસ્તી ૧,૬૦ ૦૦,૦૦૦ની હતી જેમાં બે લાખ વિદેશીઓ હતા, ને તેમાં ચીનાઓની સંખ્યા સૌથી વધુ હતી. અહીં જુદાજુદા ૪૩ જાતિ-સમૂહો છે અને ૮૭ જેટલી ભાષાઓ બોલાય છે. કુલ વિસ્તારના ઘણા ઓછા ભાગ પર ખેતી કરવામાં આવે છે, છતાં ૮૦ ટકા જેટલી પ્રજાના જીવનનિર્વાહનો આધાર ખેતી છે. વિગ્રહ પહેલાં આ ટાપુઓ ખાંડનું ઉત્પાદન કરનારા દેશોમાં પાંચમે નંબરે આવતા. ઉપરાંત અહીં ઈમારતી લાકડાંનાં વિશાળ જંગલ આવેલાં છે તથા શણના સંબંધમાં તે દુનિયાનો લગભગ ઈજારો ધરાવે છે.

ત્રણ વર્ષ ઉપરાંતના જાપાની કબજા દરમિયાનની લૂટ ને ખાનાખરાબીએ આ ટાપુમાંની આર્થિક પરિસ્થિતિને પલટી નાખી છે. ચોખાના વાવેતરના એકર પ્રમાણમાં ધરખમ કાપ મૂકવો પડ્યો

છે. આ સિવાય ખાંડ, નાળીએર તથા તમાકુના નિકાસ ઉદ્યોગોને પણ ભારે નુકસાન થયું છે. તા. ૪થી જુલાઈના રોજ પ્રાપ્ત થતી એમની આઝાદીમાં એમને વધુ તાકાતવાન કરવાને હમણાં અમેરિકાએ ફિલિપ્પાઈન્સ પુનર્વસાહતી ધારો તથા બેલ વ્યાપાર ધારો એવા બે ધારા પસાર કર્યા. પુનર્વસાહતી ધારામાં ફિલિપ્પાઈન્સને યુદ્ધ દરમ્યાનની નુકસાનીમાં વળતર તરીકે ૪૫ કરોડ ડૉલર આપવામાં આવ્યા છે. આ રકમ પૈકી ૩૩ કરોડ ડૉલર ખાનગી મિલ્કતની પુનર્રચના વગેરે માટે છે અને બાકી રહેતી રકમમાંથી સરકારી મકાનો-શાળાઓ, ઈસ્પિતાલો, રસ્તાઓ જેવી જાહેર મિલ્કતોની પુનર્રચનાની જોગવાઈ છે. આ ઉપરાંત ત્રણ કરોડ ડૉલરની કિંમતના યુદ્ધ વધારાની સામગ્રી પણ ત્યાંની સરકારને સોંપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

('જન્મભૂમિ'માંથી તારવીને)

નવી જાતના કાચ

સલ્ફ્યુરિક ઍસિડ (ગંધકનો તેજાબ), નાઇટ્રિક ઍસિડ કે હાઇડ્રોક્લોરિક ઍસિડ (મીઠાનો તેજાબ) વગેરે તેજાબો આપણે કાચનાં મોટાં વાસણોમાં ભરેલા જોઈએ છીએ અને સામાન્યરીતે જાણીએ છીએ કે કાચ તેજાબથી અસ્પર્શ્ય છે. પણ હાઇડ્રોફ્લોરિક ઍસિડ નામનો એક એવો તેજાબ આવે છે જે કાચના વાસણમાં રાખી જ શકાતો નથી! ભૂલેચૂકે કાચની શીશીમાં એ ભર્યો હોય તો શીશીના કાચને તે કોરી જ ખાય છે. અત્યાર સુધી આ તેજાબ માટે ખાસ જુદી જ બનાવટની શીશીઓ રાખવી પડતી; અથવા કાચની શીશી હોય તો તેજાબ ભર્યા પહેલાં તેની અંદરના ભાગમાં પૅરેફીન લગાડવું પડતું પરંતુ અમેરિકન ઑપ્ટિકલ કં. નામની ચશ્માના કાચ બનાવનારી જગવિખ્યાત કંપનીએ હવે એવો કાચ તૈયાર કર્યો છે કે એ કાચ પર હાઇડ્રોફ્લોરિક ઍસિડની અસર થતી જ નથી. હવે હાઇડ્રોફ્લોરિક ઍસિડ ભરવાનાં વાસણો બનાવવાની મુશ્કેલી દૂર થશે; ઉપરાત રસાયણો તૈયાર કરનારની આંખના રક્ષણ માટેનાં ગૉગલ્સ પણ એ જ કાચમાંથી બનાવી શકાશે.

એ જ કંપની તરફથી એક બીજો નવી જાતનો કાચ તૈયાર કરવામાં આવ્યો છે. એની ખાસિયત એ છે કે તે સંપૂર્ણ રંગવાહક હોવા છતાં ખૂબ જ ગરમી-ચૂસક છે. ફિલ્મો પાડતી વખતે વીજળીના સખત પ્રકાશવાળા આર્ક લૅમ્પની જરૂર હોયજ છે, અને ફિલ્મ પાડવાનાં મશીનોમાં કેટલીકવાર એ આર્કની ગરમીને લીધે ફિલ્મો સળગી ઊઠે છે. તે ભય આ કાચને લીધે દૂર થશે. એ જ રીતે કેટલીકવાર ફિલ્મનાં 'શૂટિંગ' ચાલતાં હોય ત્યારે અભિનેતાઓ પર ફ્લડલાઈટ વડે જે પ્રકાશ ફેંકાય છે તેને લીધે તેમને ખૂબ ગરમી સહન કરવી પડે છે. પરંતુ હવે ફ્લડલાઈટમાં પણ આવા કાચનો ઉપયોગ થશે એટલે અભિનેતાઓને પણ રાહત રહેશે. આ કાચ લગભગ ૯૦ ટકા જેટલી ગરમી ચૂસી લે છે, છતાં તેના પ્રકાશવહનની શક્તિમાં વાંધો આવતો નથી. આ કાચની બનાવટમાં મુખ્યત્વે આવતાં તત્ત્વો ફૉસ્ફરસ, ઍલ્યુમિનિયમ અને સિલિકોન ઑક્સાઈડ ગણાવી શકાય.

આ જ કંપનીની એક ત્રીજી ગણનાપાત્ર શોધ તે સબમરીનનાં માણસોને ઉપયોગમાં આવે તેવાં ગૉગલ્સ (કાળાં ચશ્મા) ટૉરપીડો કે બીજા કોઈ કારણે દરિયાને તળીએ જઈ બેઠેલાં વહાણો વગેરેના શોધમાં જતી વખતે સબમરીનનાં માણસોને આ ગૉગલ્સ ખૂબ ઉપયોગી નીવડે છે. સાથોસાથ ખૂબ જ પ્રકાશવાળી જગામાં આ ગૉગલ્સ વડે આંખનું રક્ષણ તો થાય જ છે તે ભૂલવું ન જોઈએ.

(સૂચિત) —લલિત ભટ્ટ

આ માસ (જૂન) ઈતિહાસમાં

તા. ૨ બંગાળાના નવાબ સિરાજુદ્દૌલાનું મિરજાફરે ખૂન કર્યું, ૧૭૫૭.

તા. ૪ અમેરિકાએ બ્રિટિશ ઝૂંસરીમાંથી આઝાદ થઈ ફિલાડેલ્ફિયા મુકામે પોતાના સ્વાતંત્ર્યનું જાહેરનામું પોકાર્યું.

તા. ૭ દાદાભાઈ નવરોજી બ્રિટિશ પાર્લામેન્ટના સભ્ય ચુંટાયા, ૧૮૯૧

તા. ૧૧ છેલ્લા લાંબા ચીન-જાપાન યુદ્ધની શરૂઆત થઈ, ૧૯૩૭.

તા. ૧૪ ફ્રાન્સની વિફરેલી પ્રજાના જુવાળે ત્યાંનું બાસ્તાઈલનું કારાગૃહ તોડયું અને રાજાશાહીનો કાયમી નાશ કર્યો, ૧૭૮૯.


તા. ૧૫ જગવિખ્યાત ડચ ચિત્રકાર રેમ્બ્રાંનો જન્મ, ૧૭૨૩.

તા. ૧૯ ઈસ્ટ ઇંડિયા કંપનીએ એડન જીતી લીધું ૧૮૬૯.

તા. ૨૧ પહેલી કૉંગ્રેસની બેઠકના પ્રમુખ વ્યોમેશચન્દ્ર બૅનરજીનું અવસાન, ૧૯૦૬.

તા. ૨૪ હજાર ઉપરાંત પુસ્તકોના લેખક મહાન ફ્રેન્ચ નવલકથાકાર ઍલેક્ઝાન્ડર ડ્યુમાનો જન્મ, ૧૮૦૨.

તા. ૩૧ થીઓસોફીની આદ્ય જનેતા મૅડમ હેલીના પેટ્રોવના બ્લાવાટ્સ્કીનો રશિયામાં જન્મ, ૧૮૩૧.



આ માસની વ્યક્તિવિશેષ

જુલિયસ સીઝર

જગતમાં મહાન રોમન સામ્રાજ્યનો વિજયડંકો વગાડનાર આ યુદ્ધવીર અને રાજપુરુષનો જન્મ ઈ.સ. પૂર્વે ૧૦૨ની ૧૨મી જુલાઇએ રોમમાં થએલો. નાનપણથી જ લશ્કરમાં જોડાઈ તે ૨૧ વર્ષની વયે એશિયાઈ યુદ્ધોમાં ગયો, જ્યાંથી પાછો આવી રાજકારણમાં પડયો. ઈ. સ. પૂર્વે ૬૮માં સ્પેનનો સુબો બનીને ત્યાં ગયો, અને રોમના કૉન્સલ (લોક પ્રતિનિધિ રાજકર્તા) પૉમ્પેની બહેનને પરણ્યો. ધીમેધીમે પોતાની બહાદુરી ને બુદ્ધિચાતુર્ય વડે તે એટલો ગણનાપાત્ર બની ગયો કે ઈ.સ. પૂર્વે ૫૮માં તે કૉન્સલ નીમાયો; અને ત્યાર બાદ પૉમ્પેના અમલથી અસંતુષ્ટ બની રોમની સેનેટે જે 'ત્રિપુટી રાજસત્તા' નીમી તે ત્રણમાંના એક તરીકે તેની વરણી કરી. એ સ્થાનેથી તેણે પૉમ્પે, સેનેટ તેમજ પ્રજા સૌનો ચાહ મેળવ્યો અને વિશાળ લશ્કરી સત્તાઓ સાથે ગૉલ પ્રદેશ (ફ્રાન્સ)નો ગવર્નર નીમાયો. એણે વીરતાભરી જીતોથી આખો ફ્રાન્સ કબજે કરી ઈ.સ. પૂર્વે ૫૫માં બ્રિટન પર પણ આક્રમણો કર્યા અને યુરોપના છેક પશ્ચિમ છેડા લગી રોમન સામ્રાજ્યની હાક વગાડી.

તેના આ વિજયની ઈર્ષ્યાએ રોમમાં અનેક દુશ્મનો ઊભા કર્યા જેમાં મુખ્ય પૉમ્પે પોતે હતો. તેની સાથેના સમાધાનના બધા પ્રયત્નો નિષ્ફળ જતાં સીઝર જંગી લશ્કર સાથે ચડી આવ્યો અને ગૉલ તથા ઈટલી વચ્ચેની સરહદ આંકતી રૂબીકોન નદી ઓળંગી આંતરવિગ્રહ માંડયો. ઈ. પૂ. ૪૮માં તે કૉન્સલ નીમાયો અને પૉમ્પેનો પીછો પકડી ગ્રીસમાં ફાર્સેલસ મુકામે તેને છેલ્લી શિકસ્ત આપી. ત્યાંથી તે પૂર્વમાં વિજયપ્રસ્થાને નીકળ્યો, જ્યાં ઇજિપ્તમાં ત્યાંની રૂપવતી રાણી ક્લીઓપેટ્રા સાથે પ્રેમમાં પડ્યો. આ પછી એશિયા માઇનોર ને આફ્રિકા સુધી રોમનસામ્રાજ્યનો વિસ્તાર કરી પાછા ફરેલા એ વિજયી વીરને સેનેટે દસ વર્ષ માટે, અને પછી જીવનભરને માટે કૉન્સલ નીમ્યો.

પણ ટૂંક વખતમાં તેની સામે કાવત્રું ઊભું થયું, જેમાં તેનો અંગત મિત્ર બ્રૂટસ પણ સામેલ થયો અને ઇ. સ. પૂર્વે ૪૪ના માર્ચની ૧૫મી તારીખે સેનેટહાઉસમાં જ તેનું ખૂન કર્યું.

તપસી દિનદિન તપ તપે,　　બિન તપસી રહે દેખ:
ભાલે કર દઈ દાખવે,　　લલાટ લખિયા લેખ.

ઉમાશંકર

આલ્માની લડાઈમાં સૈનિકો પાછા હઠવા લાગ્યા, પણ ધ્વજધારી તો ધ્વજ પકડી રાખીને મોખરા પર ઊભો જ રહ્યો. સેનાપતિએ એને બૂમ પાડી: 'ધ્વજ અહીં લઈ આવ.' ધ્વજધારીએ જવાબ આપ્યો, 'ના; સૈનિકોને અહીં ધ્વજ પાસે લઇ આવો.' એ એકલ ધ્વજધારીની આવી વીરતાભરી હિંમતનું શું પરિણામ આવે એ કહેવાની જરૂર છે?


કહેવતો કેમ પડી: 'બાંધ્યા કણબીએ ગામ ન વસે.'—જનસામાન્યની ઇચ્છા વિરુદ્ધ અન્યાયી રાજસત્તા પણ ફાવી શકતી નથી અથવા તો જબરદસ્તીથી મનધાર્યું કરાવી શકાતું નથી એ દર્શાવવા વપરાતી આ કહેવત માટે વાત છે કે એક ગામડાના અન્યાયી ઠાકોરના મનસ્વીપણાથી કંટાળી ત્યાંના ખેડૂતો હિજરતે નીકળ્યા. ઠાકોરે તેમને અટકાવવા ગામ ફરતો પહેરો મૂક્યો, એથી ખેડૂતો ગામમાં પુરાઈ તો રહ્યા, પણ એમણે ખેતી કરવાની જ ના પાડી! ઠાકોરે ઘણા યે ધમપછાડા માર્યા, પણ એમાં શું ચાલે? એમ કરતાં ખેતીની મોસમ પણ ચાલી ગઇ. અંતે ગામમાં ન રહ્યા ખેડૂત કે ન રહ્યા રાજાનો હુકમ માનનારા પહેરેગીરો પણ.

અનેકાર્થી શબ્દ: **કંટક**=કાંટો કે ફાંસ; માછલાં પકડવાનો ગલ, આંકડો; રોમાંચ; નડતર અથવા ડખલ; દુશ્મન.

ગણિત-ગમ્મત: કોઈ પણ બે રકમોની વર્ગસંખ્યા (Square)ની બાદબાકી જાણવી હોય તો તેને માટે એક સરળ ચાવી છે. એ બે રકમોના સરવાળાને એ જ બે રકમોના તફાવત વડે ગુણો. જે આવે તે જવાબ. દાખલા તરીકે ૨૫^{2}(૬૨૫)–૨૪^{2}(૫૭૬)નો જવાબ જાણવો હોય તો ૨૫+૨૪=૪૯×૧ (૨૫ ને ૨૪નો તફાવત)=૪૯. (મૂળજી જેઠુ જોષી)


હેલિયમધાતુની પહેલવહેલી શોધ સૂર્યમાં કરવામાં આવી હતી,—ઈ. ૧૮૬૮ના સૂર્યગ્રહણ વેળાના નિરીક્ષણમાં! પૃથ્વી ઉપર તો તે ત્યાર પછી ૨૭ વર્ષે છેક ઈ. ૧૮૯૫માં ક્લેવાઇટ નામના ખનિજમાંથી શોધાયું.

ભેજવાળી ભીંતોમાંથી પાણી એસરતું અટકાવવા માટે ભીંતની બહારની બાજુએ, ઉકાળેલા બેલતેલમાં ધીમેથી સરખે ભાગે પેરેફિન ઉમેરેલું મિશ્રણ લગાડવું.



અમેરિકામાં મળેલી સંયુક્તરાષ્ટ્ર પરિષદ વેળા સમસ્ત જગતના ઐક્ય અને બંધુભાવનાના પ્રતીકરૂપ World City (જગતનગર) કલ્પીને તેને માટે કાઢવામાં આવેલી ત્રણ સેન્ટની પોસ્ટ છાપ.

એક હરરાજીમાં સારો પોપટ જોઈ મનહરલાલને તે ખરીદવાની ઈચ્છા થઈ અને માગણી કરી: 'પાંચ રૂપિયા!' સામે કોઇએ માગણી વધારી: 'દસ રૂપિયા!' મનહરલાલ બોલ્યા: 'પંદર રૂપિયા!' સામેથી વધારો આવ્યો: 'પચીસ રૂપિયા!' એમ કરતાં અંતે મનહરલાલને ૧૦૦ રૂપિયે એ પોપટ મળ્યો. પૈસા ચૂકવી દઇને પાંજરું લેતાં લેતાં તેમણે હરરાજી કરનારને પૂછ્યું, 'આ પોપટ સારું બોલે છે તો ખરો ને?' હરરાજી કરનારે જવાબ દીધો: 'કેમ? તમારી સામે કિંમતની બિડ વધારીને બીજું કોણ બોલતું હતું? ખુદ એ પોપટ જ બોલતો હતો! એથી વિશેષ સારું બોલવાનું તમારે શું જોઈએ?!'




મ્હૈસુર અને કાનડાના કદંબ રાજાઓએ 'પદ્મ-ટંકા' નામના એક વિશિષ્ટ પ્રકારના સોનાના જાડા સિક્કાઓ પાડેલા, જેનો આકાર કમળના ફૂલ અથવા વાટકા જેવો, વચ્ચેથી ઊંડો છે. ઉપર ડાબીબાજુ આપેલા તેના નમૂનામાં વચ્ચે આઠ પાંખડીનું કમળ છે. અને ચોમેર શંખ, ચક્ર અને બીજું એક પ્રતીક તથા નાગરી જેવી લિપિમાં લખાણ છે. આવા સિક્કાઓમાં વચ્ચે વરાહની છાપ પણ હોય છે (જુઓ જમણી બાજુનો બીજો સિક્કો.)

જે વીર છે તે હમેશાં જયને માટે મથે છે અને પરાજયને માટે તૈયાર રહે છે. હારી જઈએ એમાં કશું ખોટું નથી; ઘરા થઈએ એમાં નામોશી છે.

—કાલેલકર

હાથીના પગમાં કુદરતી એવી સ્થિતિસ્થાપક રચના હોય છે કે ચાલતી વખતે જે પગ ઉપર શરીરનું વજન આવે તે પ્રસરીને જાડો થાય અને જેના ઉપરથી વજન ઉચકાય તે સંકોચાઇને પાતળો થઇ જાય. આ રચનાને લીધે જ તે ભેજ અને કાદવવાળી જમીનોમાં સરળતાથી ચાલી શકે છે, કેમકે જાડો થવાને લીધે પગ બહુ ઊંડો ખૂંચી જતો અટકે અને સંકોચાવાથી તરત ખેંચી લઈ શકાય. નહિતર વજનથી જ અંદર ખૂંચી રહે ને નીકળી ન શકે.




'માણસને ચીતરતા માણસને ચીતરતા માણસને ચીતરતો માણસ.' એક માણસ બીજાને ચીતરે છે, બીજો ત્રીજાને, ત્રીજો ચોથાને, એમ પરંપરાએ એકબીજાને ચીતરતા માણસનું, તદ્દન સાદું જણાતું અમેરિકાના એક અગ્રણી કાર્ટૂનિસ્ટ મિ. સ્ટાઇનબર્ગનું આ જોરદાર ઠઠ્ઠાચિત્ર યુરોપમાં તાજેતરમાં ભરાએલા અમેરિકન ઠઠ્ઠાચિત્રોના પ્રદર્શનમાં ઘણું પ્રશંસા પામ્યું હતું. (યુસિસ)

ઓગણીસમી સદીના અંત ભાગમાં થઇ ગએલા, ઇંગ્લંડની શાહી કલાપીઠના પ્રમુખ આ નામી કલાકારે પોતાની ગળલખ કૃતિઓથી ઇંગ્લંડની કળામાં પૂરેલો ફાળો જેટલો વિપુલ છે તેટલો જ તેજસ્વી છે, ને એનાં ચિત્રો ધરાવવાં એ જગતનો કોઈપણ કલાસંગ્રહ બહુમાન સમજે છે.

જોરદાર રેખાસામર્થ્ય અને મૂળમાં અજબ રંગભભક ધરાવતું, હૃદયની લાગણીઓને હલાવી મૂકતું આ ચિત્ર, સંયોજનામાં જરા વિચિત્ર લાગે છે, પણ એમાં જ એનું બળ છે. આગલા ભાગમાં બેઠેલી બે બાળાઓ ચિત્રનો લગભગ અરધો ગાળો રોકી લેતી હોવા છતાં બાકી રહેલી ઓછી જગ્યામાં ચિત્રકારે આકાશ ને ભૂમિભાગનો કેટલો વિશાળ વિસ્તાર દર્શાવ્યો છે! અને એ યોજનાપુરઃસર છે. બાલાના અંધત્વની દર્દભરી અસર પ્રેક્ષકના હૃદય પર તીવ્રપણે આંકવા એને બહોળી કુદરત વચ્ચે આકાશમાં મેઘધનુષ આલેખતું છે. એ બે સામસામાં તત્ત્વો જ ચિત્રને સામર્થ્ય આપે છે.

એ મેઘધનુષના મથાળાના છેડાથી શરૂ થઈ, મેદાનમાંના ઝાડમાંથી પસાર થઈ, બાળાના ચહેરાને, ઓઢણા પરના પતંગિયાને અને ખોળામાંના હાથવાજાને આવરી લઇને, પગ આગળ સમાપ્ત થતી એક કલ્પનારેખા તમારા મનોચક્ષુ આગળ ખડી કરો. મેઘધનુષની માફક જ આખા ચિત્રમાં અર્ધચંદ્રાકારે પથરાઈ રહેતી એ રેખા, આ ચિત્રની રહસ્યરેખા છે. એ રેખાના માર્ગમાં આવતી એકેએક વસ્તુ આ ચિત્રના ભાવને ચોટદાર બનાવે છે, ને તે બધી વસ્તુઓ પર ધનુષ્યાકારે ફરતી તમારી નજર ચિત્રના કરુણ ભાવથી તમારા હૃદયને ભરી દે છે.

ઓહો! સૃષ્ટિમાં આટલી બધી સુંદરતા છે! હરિયાળાં ઘાસ ને લીલાં વૃક્ષઝુંડ, મનોરમ પંખીઓ ને ભભકરંગી પતંગિયાં, ભૂરૂં આકાશ, ને તેમાં ખેંચાએલું રંગની કવિતા સમું ઈન્દ્રધનુ; --પણ એ કશાનો આનંદ એ બાળાને કાજે નથી.



અંધ બાળા કલાકાર: સર જૉન એવરેટ મિલે

અરે, એના અંગ પરના આ કિરમજી ચણિયા, કથ્થાઈ ઓઢણા ને સોનેરી વાળનો પણ નહિ! ઈશ્વરની આ અદ્‌ભુત સૃષ્ટિમાં જે કાંઈ આનંદ લેવાનો તે આ વાજાના સૂરમાંથી, પંખીના ગાનમાંથી કે આ ઘાસ ને આ ફૂલના સ્પર્શમાંથી! એક પછી એક આ બધી વસ્તુઓ એની આ દર્દકથાને તમારા અંતરમાં ઉતારે છે. પણ એની એ કરુણતા તે આ ચિત્રનો ખરો સંદેશ નથી.

આ કરુણતામાં કરવાનું ખરૂં દર્શન તો એ બાળાના ચહેરા પર રહેલી ધારણશક્તિમાં છે. પોતાના અંધત્વનું એને ભાન છે, પણ એના દુઃખથી જીવનને ખારૂં શા માટે કરવું? ઇશ્વરે આપેલાં બીજાં અંગ દ્વારા એની સૃષ્ટિના કાવ્યનું પાન કરવાની સ્વસ્થતા, સંતોષ ને સમાધાનવૃત્તિ એણે કેળવી લીધી છે. અને નાની બહેન મેઘધનુષની સુંદરતાનું જે દિલચસ્પ વર્ણન કરે છે તેને શ્રવણ વડે—અને તેથી યે વધુ એના હાથમાં આંકડા ભીડેલા પોતાના હાથના સ્પર્શ દ્વારા તે પીએ છે. કલાકારનો સંદેશ અહીં સફળ બન્યો છે. એ મુખભાવમાં અને એ જકડી ભીડેલા હાથના આંકડામાં એના જીવનની ધારણશક્તિ છે. **બ. ર.** ('સાહિત્યપલ્લવ'માંથી)